પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૭૮ • કુલ પાના : ૪ • તારીખ : ૨૦-૦૭-૨૦૨૨ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં વરસાદે ધમાકેદાર બેટિંગ કરી, પાણી ઘરોમાં ઘૂસ્યા

## ભારે વરસાદને કારણે કસાણા-વડથલીનાં ૨૫ ગામ સંપર્કવિહોણાં, ઘરોમાં કેડ સમા પાણી ભરાયાં

હિંમતનગર,

આજે મંગળવારે અરવલ્લી જિલ્લાના ભિલોડા અને મેઘરજ તાલુકામાં વરસાદે ધમાકેદાર બેટિંગ કરી છે. ત્યારે શામળાજી પંથકના અને મેઘરજ પંથકનાં નદી-નાળાં છલકાઈ ગયાં છે. મેઘરજના જામગઢમાં આવેલું પીપડિયું તળાવ ફાટવાના કારણે તમામ નદી-નાળાં બે કાંઠે વહેતાં થયાં છે. વિદ્યાર્થીઓ અભ્યાસથી વંચિત રહેતા અને આમ જનતા સંપર્કવિહોણી થતાં પોતાનાં કામકાજ અર્થે જવા અસમર્થ બની છે.

દર વર્ષે ચોમાસાના સમયે કોઝવે ભરાઈ જતાં નાના ભૂલકાં શાળાએ જઈ શકતાં નથી. આ તરફ આ કોઝવે ભરાઈ જવાના કારણે કસાણાની પેલી તરફનાં ૨૫ ગામનો સંપર્ક કપાઈ ગયો છે. આ તરફ વડથલી બાજુનાં ૧૫ ગામ સંપર્કવિહોણાં બન્યાં છે અને આસપાસનાં ખેતરોમાં પણ પાણી ભરાઈ ગયાં છે.અરવલ્લી જિલ્લામાં આજે વહેલી સવારથી ધોધમાર વરસાદ ખાબક્યો હતો. એમાં સૌથી વધારે વરસાદ ભિલોડા, શામળાજી અને મેઘરજનગર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં ખાબક્યો છે, જેને કારણે નદી-નાળાં, તળાવ અને કોતરો છલકાઈ ગયાં છે. યાત્રાધામ શામળાજીમાં નેશનલ હાઈવે અને ડુંગરાઓનું પાણી બજારમાં ઘૂસી ગયું હતું, જેને કારણે શામળાજીની દુકાનો અને મકાનોમાં પાણી ઘૂસ્યાં છે. ગરીબ અને શ્રમિક જનતાનો આશરો છીનવાઈ ગયો છે.

આ સિવાય વરસાદને પગલે ઘરોમાં કમર સુધી પાણી ભરાયાં છે. ઘરવખરી પાણીમાં તરતી જોવા મળી હતી. ગરીબોને આજની રાત ક્યાં વિતાવવી એ એક પ્રશ્ન બન્યો છે. ઘરોમાં સંપૂર્ણ નુકસાન થયું છે. વરસાદને કારણે બજારની મોટા ભાગની દુકાનોમાં પાણી ભરાવાની ઘટના સામે આવી છે. દુકાનદારોનો તમામ માલ-સામાન પલળી ગયો છે. તમામ વેપારીઓને લગભગ બેથી અઢી કરોડની આસપાસ નુકસાની વેઠવાનો વારો આવ્યો છે.આ અંગે વેપારીઓ જણાવ્યું હતું કે હાઈવે રોડ તો બન્યો છે પરંતુ પાણી નિકાલનો કોઈ ખ્યાલ રાખવામાં જ આવ્યો નથી. તેમજ ડુંગરાઓ પરથી પણ પાણી રોડ પર ઊતર્યા અને સીધા બજારમાં આવેલી દુકાનોમાં ઘૂસ્યાં છે, ત્યારે વેપારીઓની પણ વળતર આપવાની માગ છે.



ગુજરાતમાં એક-બે દિવસથી વરસાદનું જોર ઘટ્યું છે. જોકે રાજ્યમાં વરસાદી માહોલ યથાવત્ રહ્યો છે. અમુક જગ્યાઓ પર હળવો વરસાદ પણ પડી રહ્યો છે. આ દરમિયાન હવામાન વિભાગે આગાહી કરી છે કે રાજ્યમાં આગામી પાંચ દિવસ વરસાદી માહોલ બન્યો રહેશે. આ દરમિયાન અમુક જગ્યાઓ પર ભારે વરસાદ પણ પડી શકે છે. અમદાવાદ હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતીના જણાવ્યા પ્રમાણે આગામી ૨૨ જુલાઈથી રાજ્યમાં વરસાદનું જોર ફરી વધશે. આ દરમિયાન અમદાવાદ શહેરમાં છૂટોછવાયો વરસાદ પડવાની સંભાવના છે,ભારે વરસાદની આગાહી નથી.

ઓખા ખાતે ગુજરાતના દરિયાકિનારથી ૭૦ કિલોમીટર દૂર અરબી સમુદ્રમાં વાવઝોડાને કારણે ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. આ વાવાઝોડું ઓમાન તરફ આગળ વધી રહ્યું છે. હવામાન વિભાગના બુલેટિનમાં કહેવામાં આવ્યું હતું કે વાવાઝોડું આગામી ૪૮ કલાકમાં પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમમાં ઓમાનના દરિયાકાંઠા તરફ ઉત્તર-પશ્ચિમ અરબી સમુદ્રને પાર કરવાની સંભાવના છે. સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠા નજીક પૂર્વોત્તર અરબી સમુદ્ર પર દબાણ ઝોન છેલ્લા ૬ કલાકમાં પાંચ કિલોમિટર પ્રતિ કલાકની ઝડપે ઉત્તર પશ્ચિમ તરફ ધીમે ધીમે આગળ વધી રહ્યું છે. વાવાઝોડું સમાપ્ત ન થાય ત્યાં સુધી દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી હતી.

## અરવલ્લી, મહીસાગર, સાબરકાંઠા અને દાહોદમાં આગામી ૩ કલાકમાં ભારે વરસાદની સંભાવના

ગુજરાતમાં ચોમાસાની શરૂઆતમાં જ મેઘરાજાએ જળબંબાકારની સ્થિતિ સર્જી છે. બીજી બાજુ, સૂકાભઠ્ઠ રહેતા કચ્છમાં આ વખતે ૧૦૦ ટકાથી વધુ વરસાદ થયો છે, જેને પરિણામે પીવાના પાણની ઘાત ટળી છે અને ખેડૂતોને સિંચાઈ માટેના પાણી તંગી પણ દૂર થઈ છે. રાજ્યમાં અત્યારસુધીમાં ૧૯.૫૧ ઈંચ સાથે સીઝનનો ૫૮.૩૨ ટકા વરસાદ વરસી ચૂક્યો છે. અમદાવાદમાં આજે સવારથી જ અનેક વિસ્તારોમાં ધીમી ધારે છાંટા પડી રહ્યા હતાં અને વરસાદી વાતાવરણને કારણે આકાશમાં કાળાં ડિબાંગ વાદળો ઘેરાયાં હતાં અમદાવાદમાં સવારથી બપોરે ૧ વાગ્યા સુધીમાં સરેરાશ એક ઈંચ વરસાદ પડ્યો છે. જેમાં સૌથી વધુ રખિયાલ, ગોમતીપુર, ઓઢવ, વિરાટનગર, જમાલપુર, ગોળલીમડા, લાલદરવાજા સહિતના વિસ્તારોમાં દોઢ ઈંચ વરસાદ પડ્યો છે.

હવામાન વિભાગ દ્વારા અરવલ્લી, મહીસાગર, સાબરકાંઠા અને દાહોદમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ સિવાય અમદાવાદમાં પણ હળવાથી મધ્યમ વરસાદ વરસવાના સંકેતો પણ હવામાન વિભાગે આપ્યા છે.

છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૩૭ તાલુકામાં મેઘમહેર થઈ છે, જેમાં બોડેલીમાં સાડાચાર ઈંચ, વાઘોડિયામાં ત્રણ ઈંચ, વડોદરામાં બે ઈંચ, સંખેડામાં બે ઈંચ વરસાદ ખાબક્યો હતો. જ્યારે તિલકવાડા, પાદરા અને કપરાડામાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. આ સિવાયના તાલુકાઓમાં એકથી દોઢ ઈંચ વરસાદ ખાબક્યો છે. આજે સવારે ૬ વાગ્યાથી આઠ વાગ્યા સુધીમાં ૧૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. આમ, તમામ ૩૩ જિલ્લાના ૧૩૭ તાલુકામાં મેઘમહેર થઈ હતી.

ગુજરાતમાં એક-બે દિવસથી વરસાદનું જોર ઘટ્યું છે. જોકે રાજ્યમાં વરસાદી માહોલ યથાવત્ રહ્યો છે. અમુક જગ્યાઓ પર હળવો વરસાદ પણ પડી રહ્યો છે. આ દરમિયાન હવામાન વિભાગે આગાહી કરી છે કે રાજ્યમાં આગામી પાંચ દિવસ વરસાદી માહોલ બન્યો રહેશે. આ દરમિયાન અમુક જગ્યાઓ પર ભારે વરસાદ પણ પડી શકે છે. અમદાવાદ હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતીના જણાવ્યા પ્રમાણે આગામી ૨૨ જુલાઈથી રાજ્યમાં વરસાદનું જોર ફરી વધશે. આ દરમિયાન અમદાવાદ શહેરમાં છૂટોછવાયો વરસાદ પડવાની સંભાવના છે,ભારે વરસાદની આગાહી નથી.

## હવે ચોમાસુ યુપી, દિલ્હી અને હરિયાણામાં મહેરબાન થશે, સતત ૪ દિવસ વરસાદની આગાહી

નવીદિલ્હી,

ઉત્તર પ્રદેશ, દિલ્હી અને હરિયાણા જેવા રાજ્યોમાં સતત ગરમી પડી રહી છે. તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહેવા છતાં ભેજ ૫૦ ડિગ્રી જેવો અનુભવાય છે. આવી સ્થિતિમાં, દરેક લોકો આ વિસ્તારોમાં સારા વરસાદની રાહ જોઈ રહ્યા છે જેથી તેઓ ભેજ અને ગરમીથી છુટકારો મેળવી શકે. દરમિયાન, હવામાન વિભાગનું કહેવું છે કે આજથી આગામી ત્રણ દિવસ સુધી વરસાદની સંભાવના છે, જેનાથી લોકોને મોટી રાહત મળી શકે છે. હવામાન વિભાગની આગાહી મુજબ ચોમાસું ઉત્તર દિશા તરફ સતત આગળ વધી રહ્યું છે. જેના કારણે ઉત્તર અને ઉત્તર પશ્ચિમ રાજ્યોમાં ભારે વરસાદ પડી શકે છે.



હવામાન વિભાગનું કહેવું છે કે મધ્યપ્રદેશના મધ્ય ભાગોમાં લો પ્રેશરનું ક્ષેત્ર યથાવત છે. વિભાગનું કહેવું છે કે આગામી બે દિવસમાં ચોમાસું વધુ ઉત્તર તરફ આગળ વધશે. આ કારણે દિલ્હી-એનસીઆર, યુપી સહિત ઘણા રાજ્યોમાં ૨૨ જુલાઈ સુધી વરસાદ થઈ શકે છે. વિભાગનું કહેવું છે કે છેલ્લા બે અઠવાડિયાથી ચોમાસું દક્ષિણ અને દક્ષિણ પશ્ચિમમાં રહ્યું છે અને સતત વરસાદ થઈ રહ્યો છે. પરંતુ ઉત્તરીય વિસ્તારોમાં અપેક્ષા મુજબ વરસાદ જોવા મળ્યો નથી. આવી સ્થિતિમાં જો આ વખતે હવામાન વિભાગની આગાહી સાચી સાબિત થશે તો યુપી, દિલ્હી, હરિયાણા, પંજાબ જેવા રાજ્યોને મોટી રાહત મળશે.

ઉત્તરમાં ચોમાસાની શરૂઆત સાથે, જમ્મુ અને કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને ઉત્તર પ્રદેશમાં ૨૦ થી ૨૨ જુલાઈ દરમિયાન ભારે વરસાદ થઈ શકે છે. ઉત્તરાખંડની વાત કરીએ તો અહીં ૨૦ જુલાઈના રોજ ઘણો વરસાદ જોવા મળશે. બીજી તરફ પૂર્વ રાજસ્થાનમાં મંગળવારે જ વરસાદ પડી શકે છે અને તે પછી ૨૦ જુલાઈએ યુપી, હરિયાણા, હિમાચલ પ્રદેશ, પંજાબ, ચંદીગઢ જેવા રાજ્યોમાં સારો એવો વરસાદ થવાની સંભાવના છે. પૂર્વ અને ઉત્તર પૂર્વીય રાજ્યો માટે હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી ૫ દિવસ સુધી વરસાદ ચાલુ રહી શકે છે. આ રાજ્યોમાં પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરાનો સમાવેશ થાય છે.

### પેંગોંગ તળાવ પાસે ડ્રેગનનું નવું ષડયંત્ર

## લદ્દાખ બોર્ડર પર ચીનની સેના સૈન્ય અભ્યાસ કરી રહી છે, વીડિયો સામે આવ્યો

નવીદિલ્હી,

પૂર્વ લદ્દાખમાં જ્યાં એક તરફ ચીન સરહદ વિવાદના ઉકેલ માટે ભારત સાથે વાત કરી રહ્યું છે. બીજી અને પેંગોંગ ત્સો તળાવ પાસે, ચીનની પીપલ્સ લિબરેશન આર્મી યુદ્ધની તૈયારી કરી રહી છે. પેંગોંગ તળાવ પાસે પીએલએની સૈન્ય અભ્યાસનો એક વીડિયો સામે આવ્યો છે.

ભારત અને ચીન વચ્ચેના સરહદ વિવાદને ઉકેલવા માટે લદ્દાખના ચુશુલ-મોલ્દોમાં જ બેઠક મળી હતી. સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ બેઠકમાં બંને પક્ષો સૈન્ય અને રાજદ્વારી માધ્યમો દ્વારા વાતચીત ચાલુ રાખવા અને બાકીના મુદ્દાઓને સૌહાર્દપૂર્વક ઉકેલવા સંમત થયા હતા. જો કે, આ વીડિયોએ ફરી એકવાર ચીનની સેનાના હેલિકોપ્ટર તળાવ પર ઉડી રહ્યા છે.



વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે ચીનની સેનાના હેલિકોપ્ટર તળાવ પર ઉડી રહ્યા છે. આ પહેલાં પણ ચીન તરફથી તળાવ પર પુલ બનાવવાની સેટેલાઈટ તસવીર સામે આવી હતી. ચીન આ નિર્માણ એટલા માટે કરી રહ્યું છે કે જો ભવિષ્યમાં ભારત સાથે પેંગોંગ તળાવ બાબતે વિવાદ થાય છે તો તેને વ્યૂહાત્મક મજબુતાઈ મળી શકે છે.

એરફોર્સ ચીફ વીઆર ચૌધરીએ એલએસી પર ચીનનાં સૈનિકો ભારતીય સેનાને ઉશ્કેરવા વિશે થોડા દિવસ પહેલા જણાવતા કહ્યું હતું કે, "અમે એલએસી પર થઈ રહેલી તમામ હલચલ પર નજર રાખીએ છીએ. જ્યારે પણ અમને લાગે છે કે ચીનના વિમાન એલએસીની ખૂબ જ નજીક આવી રહ્યા છે, ત્યારે અમે પણ અમારા ફાઈટર પ્લેન અને અમારી સિસ્ટમને હાઈ એલર્ટ પર રાખીએ છીએ. જેથી ચીનની સેના ગુસ્સામાં છે. જો કે તેઓ આવું કેમ કરી રહ્યા છે તેનું હું કોઈ ચોક્કસ કારણ આપી શકતો નથી. અમે ત્યાં અમારા જવાનોને મોકલીને પગલાં ભરી રહ્યા છીએ."

જૂન ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં ચીન અને ભારત વચ્ચે હિંસક અથડામણ થઈ હતી, જેમાં ભારત અને ચીન બંનેનાં સૈનિકો માર્યા ગયા હતા. આ ઘટના બાદ શાંતિ મંત્રણાના ૧૫ થી વધુ રાઉન્ડ થયા છે. પરંતુ, અત્યાર સુધી બંને વચ્ચે કોઈ સમાધાન થયું નથી. પેંગોંગ ત્સો તળાવનો એક ભાગ તિબેટમાં અને એક ભાગ લદ્દાખમાં છે. સરહદની બંને તરફ લગભગ ૫૦ હજારથી ૬૦ હજાર સૈનિકો તહેનાત છે.

## સુરતમાં પોલીસે રૂ.૧૪,૩૨,૮૦૦નું અફીણ પકડ્યું

સુરત,

રાજસ્થાનથી અફીણનો જથ્થો સુરત શહેરમાં ઘુસાડે તે પહેલા જ સુરત એસોજી પોલીસે એક ઈસમની ધરપકડ કરી છે. આ ઈસમ પાસેથી પોલીસને ૪,૭૭૬ કિલો અફીણ મળ્યો હતો પોલીસે અફીણના મુદ્દા માલ સાથે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે. વધુ વિગત અનુસાર સુરત એસઓજીને બાતમી મળી હતી કે સુરતના લસકાણા ગામ નજીક અફીણના જથ્થા સાથે એક ઈસમ પસાર થવાનો છે. તેથી પોલીસે વોચ ગોઠવીને લસકાણા ગામના ગેટ નજીક વોચ ગોઠવી હતી અને જ્યારે પુનામારામ નામનો ઈસમ બાઈક પરથી પસાર થતો હતો ત્યારે તેની બાઈક ઉભી રખાવીને બાઈક પર રહેલા થેલામાં પોલીસે તપાસ કરતા તેમાં અફીણ હોવાનું સામે આવ્યું હતું. તેથી પોલીસે ૪કિલો ૭૭૬ ગ્રામ અફીણનો મુદ્દા માલ જપ્ત કર્યો હતો. આ અફીણની કિંમત ૧૪, ૩૨,૮૦૦ રૂપિયા થવા પામે છે. પોલીસને પૂછપરછમાં સામે આવ્યું હતું કે આરોપી પૂનામારામ રાજસ્થાનથી અફીણનો જથ્થો લાવતો હતો અને ત્યારબાદ તે સુરતના અલગ અલગ વિસ્તારમાં અફીણનું વેચાણ કરતો હતો.

## કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં શિક્ષકોનાં ૬,૫૪૯ પદ ખાલી, ૪,૮૦૦ પર એક વર્ષથી ભરતી નથી થઈ

નવીદિલ્હી,

દેશની કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં શિક્ષકોનાં ૬,૫૪૯ પદ ખાલી પડ્યાં છે. આ યુનિવર્સિટીઓમાં ૩,૯૦૪ શિક્ષકો એવા છે જે કરાર આધારિત કે ગેસ્ટ ફેકલ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. તેમાં ફરી નિયુક્ત કરાયેલા શિક્ષકો પણ સામેલ છે. સંસદમાં એક જવાબમાં સરકારે આ માહિતી આપી હતી. શિક્ષણ મંત્રાલયે તેના પ્રશ્નના જવાબમાં એમ પણ કહ્યું કે મિશન મોડમાં ભરતી માટે ઓગસ્ટ ૨૦૨૧થી ૪,૮૦૭ પદો માટે જાહેરાતો અપાઈ છે જેની ભરતી પ્રક્રિયા ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે આ વર્ષે ૨ ફેબ્રુઆરીએ શિક્ષણ મંત્રાલયે રાજ્યસભામાં જણાવ્યું હતું કે કેન્દ્રીય યુનિવર્સિટીઓમાં શિક્ષકોનાં ૧૮,૯૦૫ પદ સ્વીકૃત હતાં અને ખાલી પદોની સંખ્યા ૬,૩૩૩ હતી. તેની સાથે પાંચ મહિનામાં ખાલી પદોની સંખ્યા ૬,૩૩૩થી વધીને ૬,૫૪૯ થઈ ગઈ અને તેની સાથે સ્વીકૃત પદ ૧૮,૯૦૫થી વધીને ૧૯,૧૨૧ થઈ ગયાં છે. દેશમાં સૌથી વધુ ૧૫૦૪ હોદ્દા દિલ્હીની યુનિવર્સિટીઓમાં ખાલી છે. ત્યાર પછી મધ્ય પ્રદેશની યુનિવર્સિટીઓ ૩૧૪ હોદ્દા સાથે બીજા ક્રમે છે.

## હિમાચલમાં ભૂકંપના આંચકા, મંડીમાં વહેલી સવારે ધરતી ધ્રૂજી

મંડી,

હિમાચલ પ્રદેશના મંડી જિલ્લામાં મંગળવારે સવારે હળવો ભૂકંપ આવ્યો છે. મંડી જિલ્લાના સુંદરનગર નજીક ભરજોહરુ નામના સ્થળે સવારે ૭.૫૩ કલાકે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. કોઈ જાનમાલને નુકસાન થયું નથી. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૨.૮ હતી.

મળતી માહિતી મુજબ, ભૂકંપનું કેન્દ્ર પૃથ્વીથી ૫ કિમી નીચે હતું અને આ દરમિયાન કેટલાક લોકોએ આંચકા અનુભવ્યા હતા. જણાવી દઈએ કે હિમાચલના ચંબા, મંડી અને શિમલા ભૂકંપને લઈને સૌથી સંવેદનશીલ માનવામાં આવે છે. આનો સમાવેશ ચાર અને પાંચ ઝોનમાં કરવામાં આવ્યો છે. જ્યારે હિમાચલના ચંબા જિલ્લામાં સૌથી વધુ ભૂકંપ આવે છે. ૧૯૦૫માં કાંગડામાં મોટો ભૂકંપ આવ્યો હતો. દાવો કરવામાં આવે છે કે ૨૦ હજાર લોકોએ જીવ ગુમાવ્યા હતા. તે જ સમયે, ૧૯૭૫ માં કિન્નૌર જિલ્લામાં મોટો ભૂકંપ આવ્યો હતો.

## સરકારે ૬૦ ટકા CSR શિક્ષણ, હેલ્થ કેર અને ગ્રામીણ વિકાસ પર ખર્ચ કર્યો

નવીદિલ્હી,

કોર્પોરેટ બાબતોના મંત્રાલયે જણાવ્યું હતું કે, ૨૦૧૪-૧૫ થી ૨૦૨૦-૨૧ ના સમયગાળા દરમિયાન સીએસઆર ડેટાનું વિશ્લેષણ દર્શાવે છે કે, કંપનીઓ દ્વારા ખર્ચવામાં આવેલા કુલ સીએસઆરના લગભગ ૩૩ ટકા મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાત, આંધ્રપ્રદેશ અને તમિલનાડુ રાજ્યોમાં છે. આવી જ રીતે, કંપનીઓ દ્વારા ખર્ચવામાં આવેલા કુલ સીએસઆરના લગભગ ૬૦ ટકા શિક્ષણ, આરોગ્યસંભાળ (હેલ્થ કેર) અને ગ્રામીણ વિકાસ સંબંધિત પ્રવૃત્તિઓના ક્ષેત્રોમાં છે. કંપની એક્ટ, ૨૦૧૩ હેઠળ, ચોક્કસ વર્ગની નફાકારક કંપનીઓએ ચોક્કસ નાણાકીય વર્ષમાં તેમના ત્રણ વર્ષના વાર્ષિક સરેરાશ ચોખ્ખા નફાના ઓછામાં ઓછા બે ટકા સીએસઆર (કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી) પ્રવૃત્તિઓ માટે ફાળવવાના રહેશે. કોર્પોરેટ અફેર્સ મિનિસ્ટર નિર્મલા સીતારમણે જણાવ્યું હતું કે, તમામ CSR પાત્ર કંપનીઓએ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં કુલ રૂપિયા ૨૪,૮૬૫.૪૬ કરોડનો ખર્ચ કર્યો છે. કુલ રકમમાંથી ૬,૯૪૬.૭૫ કરોડ રૂપિયા 'સ્વાસ્થ્ય સંભાળ-સંબંધિત પ્રવૃત્તિઓ' પર ખર્ચવામાં આવ્યા હતા, જેમાં કોવિડ-૧૯ સંબંધિત પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
સીમલીયા સેવા સહ. મંડળી લી.
તરફથી અભીનંદન....
મુ. ફાટામહુડા,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
બારીયા તા.ખ.વે. સંઘ
તરફથી અભીનંદન....
મુ. રીંછવાણી,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૬માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
વી. પી. ચૌહાણ
તરફથી અભીનંદન....
મુ. ગોયાસુંડલ,
તા. ઘોઘંબા,
જી. પંચમહાલ

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટોપ આતંકવાદીઓની 'હિટલિસ્ટ'માં, એલર્ટ જાહેર કરાયું

નવીદિલ્હી,

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈસ્લામિક સ્ટેટ ખોરાસાન પ્રાંતના નિશાના પર છે. સાથે જ આ યાદીમાં તેમના સિવાય બીજેપીના નેતાઓ પણ તેમની યાદીમાં સામેલ છે. વાસ્તવમાં આ વાત 'વોઈસ ઓફ ખોરાસાન' મેગેઝીનની નવી આવૃત્તિમાં સામે આવી છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય અને આઈબી દ્વારા આ અંગે એક મહત્વપૂર્ણ એલર્ટ મોકલવામાં આવ્યું છે. તેના આધારે હવે બિહાર પોલીસની સ્પેશિયલ બ્રાન્ચે પણ રાજ્યની અંદર માટે એલર્ટ જાહેર કર્યું છે. નોંધનીય છે કે અગાઉ બિહારના દરભંગાના રહેવાસી નુરૂદ્દીન જાંગી ઉર્ફે એડવોકેટ, પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયાના સભ્ય, બિહારના પટનામાં વડાપ્રધાન



મોદીના કાર્યક્રમમાં ખલેલ પહોંચાડવાના ષડયંત્રમાં વોન્ટેડ હતા, જેની ઉત્તર પ્રદેશ છ્જી દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. હકીકતમાં નૂરુદ્દીન અને તેના સહયોગીઓ બિહારમાં વડાપ્રધાન મોદીના પ્રસ્તાવિત પ્રવાસ કાર્યક્રમમાં પણ ખલેલ પહોંચાડવાની તૈયારી કરી રહ્યા હતા. આ માટે તેઓ યોગ્ય તાલીમ પણ લેતા હતા.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

## મહીસાગર જિલ્લાના નાગરિકોની આરોગ્ય સુખાકારી અને

# માનવ જીવનના રક્ષણ કાજે નિષ્ઠાપૂર્વક કામગીરી બજાવનાર જિલ્લા આરોગ્ય તંત્રની કામગીરીને બિરદાવતું રાજયનું આરોગ્ય વિભાગ

લુણાવાડા,

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વર્ષ-૨૦૨૦માં કોરોના વાયરસ (કોવિડ-૧૯)ને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવતાં સમગ્ર દેશમાં લોકડાઉન થી શરૂ કરીને અનલોકડાઉન સુધી કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા અનેકવિધ પગલાંઓ લઈને નાગરિકોની આરોગ્ય સુખાકારી જળવાઈ રહે અને માનવ જીવનું રક્ષણ થઈ શકે તે માટે મહીસાગર જિલ્લા વહીવટી તંત્રની સાથે આરોગ્ય તંત્ર સર્તક અને સજાગ થઈ ગયું હતું.

આ વૈશ્વિક મહામારીના પ્રારંભથી આજદિન સુધી મહીસાગર જિલ્લા વહીવટી-આરોગ્ય તંત્રના કર્મયોગીઓ સતત ખડેપગે હાજર રહીને નિષ્ઠાપૂર્વક તેમની ફરજો બજાવી રહ્યા છે.

કોરોના વાયરસના પ્રારંભિક તબકકામાં તો રાજય સહિત જિલ્લા આરોગ્ય તંત્રના કર્મયોગીઓએ રાત-દિવસ પોતાની, પોતાના પરિવારની કે પોતાના બાળકોની ચિંતા કર્યા વગર બસ તેઓએ એક જ મંત્ર અપનાવ્યો હતો કે કોરોના વાયરસથી સંક્રમિત હોય કે ન હોય નાગરિકોની સુખાકારી અને તેઓના જીવન રક્ષણ કાજે પોતાનું સર્વસ્વ અર્પણ કરી દેવું.

કોરોના વાયરસના સંક્રમણ દરમિયાન નાગરિકોના આરોગ્યની ચકાસણી કરવાની હોય, કોરોનાથી સંક્રમિત દર્દીની સારવાર કરવાની હોય તો ભલે પીપીઈ કીટ પહેરવી પડે તો પીપીઈ કીટ પહેરીને તેમની સારવાર કરવી, રસીકરણની કામગીરી હોય તો રસીકરણની કામગીરી કરવી, ડોર-ટુ-ડોર સર્વે કરવાનો હોય તો ડોર-ટુ-ડોર સર્વે કરવો, ડોર-ટુ-ડોર રસીકરણની કામગીરી જેવી આવી તો અનેક પ્રકારની કામગીરી રાજય સહિત મહીસાગર જિલ્લાના આરોગ્ય તંત્રના કર્મયોગીઓએ બજાવી છે.

જિલ્લા કલેકટર ડો. મનીષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લાના આરોગ્ય કર્મયોગીઓએ રસીકરણના પ્રથમ ડોઝની કામગીરીમાં સૌ પ્રથમ પાંચ જિલ્લામાં મહીસાગર જિલ્લાને સ્થાન અપાવ્યું હતું.

જિલ્લાના આરોગ્ય તંત્રના કર્મયોગીઓ જિલ્લાના નાગરિકોની આરોગ્ય સુખાકારી અને માનવી જીવના રક્ષણ માટે સતત ચિંતા અને દોડતા રહ્યા હતા જેના કારણે જિલ્લાનો કોરોના સંક્રમણનો દર ઓછો રહેવાની સાથે કોરોનાના કારણે મૃત્યુ પામનારનો દર પણ નજીવો રહેવા પામ્યો હતો.

જિલ્લાના આરોગ્ય તંત્રની આ નિષ્ઠાપૂર્વકની કામગીરીને રાજયના આરોગ્ય વિભાગે પણ નોંધ લીધી છે. જેના કારણે આજે તા.૧૯મીના રોજ ગાંધીનગરના આરોગ્ય વિભાગના અધિક નિયામક (જાહેર આરોગ્ય) ડો. નિલમ પટેલ અને નાયબ નિયામક (એપેડેમીક) ડો. આર.બી. પટેલે મહીસાગર જિલ્લા સર્વેલન્સ યુનિટ (આઈડીએસપી)ને કોરોના સામેના જંગમાં યુનિટની કર્તવ્યનિષ્ઠા સમાજ માટે પ્રેરણાસ્ત્રોત સમાન ટીમ વંદન અને અભિનંદનને પાત્ર હોઈ માનવજીવનના રક્ષણ કાજે કરેલી નિષ્ઠાપૂર્વકની કામગીરીને હૃદયપૂર્વક બિરદાવી સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવી છે.

જિલ્લાના સર્વેલન્સ યુનિટને આ સન્માનપત્ર પ્રાપ્ત થતાં જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીએ જિલ્લા આરોગ્ય તંત્રના અધિકારીઓ/કર્મયોગીઓની આ કામગીરીને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે. સાથોસાથ જિલ્લાના વિવિધ વિભાગના અધિકારીઓએ પણ જિલ્લા સર્વેલન્સ યુનિટને અભિનંદન પાઠવ્યા હતા.

અત્રે ઉલ્લેખ કરવો જરૂરી છે કે, જિલ્લા કલેકટર ડો. મનિષકુમાર અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણી સતત જિલ્લા આરોગ્ય તંત્રને માર્ગદર્શન આપવાની સાથોસાથ આરોગ્ય તંત્રના કર્મયોગીઓને પ્રોત્સાહિત કરી રહ્યા છે.

અત્રે નોંધનીય છે કે, હજુ કોરોના વાયરસ (કોવિડ-૧૯) સંપૂર્ણ ગયો નથી ત્યારે જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ફેલાવા ન પામે તે જિલ્લાની આ ટીમ સતત કાર્યરત રહીને આરટીપીસીઆર અને રેપીડ એન્ટીજન ટેસ્ટની કામગીરીની સાથોસાથ વર્ષાઋતુ દરમિયાન પાણીજન્ય રોગચાળો જેમ કે, મેલેરિયા, ચિકનગુનિયા, ડેન્ગ્યુના રોગને કાબૂમાં રાખવા માટે પ્રવૃત્તિમય છે.

## મહીસાગરની મુલાકાતે આવેલ કેન્દ્રની નીતી આયોગની ટીમે જળ શકિત અંતર્ગત જિલ્લાના વિવિધ સ્થળોની મુલાકાત લીધી


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

કેચ ધ રેઈન, વેર ઈટ ફોલ્સ, વેન ઈટ ફોલ્સ કાર્યક્રમ અંતર્ગત કેન્દ્ર સરકારના નીતી આયોગની ટીમ મહીસાગર જિલ્લાની મુલાકાતે આવી છે. જલ શકિત અંતર્ગત નવી દિલ્હી નીતિ આયોગ ડાયરેકટર નવીન વિદ્યાર્થી અને ભારત સરકાર વોટરસેડના આસિસ્ટન ડાયરેકટર પિયુશ કુમાર જિલ્લાના નરોડા અમૃત સરોવર સાઈટનું અને પુરાતત્વીય સ્થળ કલેશ્વરી ખાતે વાવ-કુવો અને કુંડ પ્રાચીન જલસંગ્રહ સ્થાનોની મુલાકત લીધી હતી.

આ મુલકાત દરમ્યાન જિલ્લા કલેકટર ડો.મનીષકુમાર, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી સહિત સબંધીત વિભાગના અધિકારીઓએ સાથે રહી જરૂરી વિગતો પુરી પાડી હતી. જ્યારે આ મુલાકાત દરમ્યાન નીતી આયોગની ટીમે તંત્ર દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીની સરાહના કરી સંતોષ વ્યક્ત કર્યો હતો.

નીતી આયોગની ટીમે વિવિધ સ્થળોની મુલાકાત લેતા પહેલા જિલ્લા સેવાસદન ખાતે જિલ્લામાં જળ વ્યવસ્થાપન કામગીરી અંગેની સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયાકમ જે.કે.જાદવ દ્વારા જિલ્લામાં હાથ ધરવામાં આવેલ કામગીરીની વિગતો દર્શાવતું પ્રેઝટેશન રજૂ કર્યું હતું. જેની ડાયરેકટર નવીનકુમારે વિડીયો પ્રેઝંટેશન દ્વારા વિગતો મેળવી હતી.

બેઠક દરમ્યાન કેન્દ્રની નીતી આયોગની ટીમે મહીસાગર જિલ્લામાં વિવિધ વિભાગો દ્વારા જળ વ્યવસ્થાપન અંગે કરવામાં આવેલ કામગીરીની વિગતો મેળવી હતી. ભૂગર્ભ જળ રિચાર્જ માટે કરવામાં આવેલ કામગીરીની જાત માહિતી મેળવી ભૂગર્ભ જળના સ્તરને ઉંચા લાવવા તથા પાણીના સંગ્રહ માટે જિલ્લાના વિવિધ તળાવોને ઉંડા કરવાની કામગીરીથી સંતોષ વ્યક્ત કરતા કામગીરીને બીરદાવી હતી. સાથે કલેક્ટર કચેરી ખાતે ના જળ શક્તિ પ્રદર્શનને નિહાળ્યું હતું.

જિલ્લા કલેકટર મનીષકુમારે પ્રારંભમાં સૌને આવકારી બેઠકની રૂપરેખા આપી હતી.

આ બેઠક અને સ્થળ મુલાકાત દરમ્યાન નાયબ વન સંરક્ષક નેવીલ ચૌધરી, નાયબ કલેકટર અને પ્રાંત લુણાવાડા ગૌતમ, કડાણા યોજના કાર્યપાલક ઈજનેર શૈલેષ ગામીત સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ખાનપુર તાલુકાના કનોડ ગામના ખેડૂતો માટે નળ સે જળ યોજના પાણી આપતા પહેલા બની અભિશાપ


તસ્વીર : વીરભદ્ર સિસોદીયા, મલેકપુર

મલેકપુર,

ખાનપુર તાલુકામાં હાલમાં સમગ્ર તાલુકામાં પાણી પુરવઠા દ્વારા નળ સે જળ યોજના અંતર્ગત ગામના છેવાડાના માનવી સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવા નવીન પાણીની પાઈપલાઈન નાખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે આ યોજના થી ખેડૂતોને ગ્રામજનોને પીવાનું પાણી મળશે ત્યારે મળશે પરંતુ આ યોજના અંતર્ગત જે રીતે ખેડૂતોની જમીનમાં થઈને પાણીની પાઈપ લાઈન નાખવામાં આવે છે. તે ધારાધોરણ મુજબ નાખવામાં આવતી નથી અને જેમતેમ મૂકીને અધૂરી કામગીરી કરવામાં આવે છે. જેને લઈને ખાનપુર તાલુકામાં સરકારી આંકડા મુજબ માત્ર ૩૧ ટકા વરસેલા વરસાદમાં તો પાણીની પાઈપ જમીનમાંથી બહાર દેખાવા લાગી અનેં ખેડૂતોની જમીન ધોવાઈ ગઈ. આવડત વગર અણઘડ રીતે પૂરતા ધારાધોરણ જાળવ્યા વગર પાણીની પાઈપ લાઈન ઉપરછલ્લી દબાવવાના કારણે પાઈપ લાઈન સામાન્ય વરસાદમાં તો બાહર દેખાવા લાગી અને ખેડૂતોની મહામૂલી જમીન ધોવાણ થઈ. ખેડૂતો દ્વારા સ્થાનિક કક્ષાએ જાણ કરવાં છતાં કોઈ અધિકારી કે કોન્ટ્રાકટર જોવા પણ આવતાં નથી. ત્યારે ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે.

ખાનપુર તાલુકાના કનોડ ગામના ચણાસેરો ફળિયામાંથી પસાર થતી નળ સે જળ યોજનાની પાઈપો ખુલ્લી થતા નબળી કામગીરીની પોલ ખુલી છે. હજી ચોમાસાની શરૂઆત છે. તેવામાં જેમતેમ કામ પતાવી પાણીની પાઈપ લાઈન દબાવવાના કારણે ખેડૂતોની જમીન ધોવાઈ છે. ત્યારે ખેડૂતોમાં રોષ જોવા મળી રહ્યો છે અને આવા અધિકારીઓ અને કોન્ટ્રાકટર વિરૂદ્ધ કાર્યવાહી કરવા માંગ ઉઠી રહી છે.

## સંતરામપુર થી કારંટા બસ ઘણા સમયથી બંધ થઈ જતા આવતા જતા મુસાફરોમાં નારાજગી

મલેકપુર

સુત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર માહિતી મળતી મુજબ મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના સંતરામપુર શહેરમાં આવેલ સંતરામપુર એસ.ટી.ડેપો ખાતે થી સંતરામપુર તાલુકાની એસ.ટી.બસ સંતરામપુર થી કારંટા વહેલી સવારની ૭:૪૦ સમયની બસ બંધ થઈ જતા સંતરામપુર થી માંડીને, ખાનપુર કારંટાના રહેવાસી મુસાફરો તેમજ અન્ય જગ્યાના આવતા-જતા મુસાફરોમાં સંતરામપુર થી કારંટા લાંબા સમયથી બસ બંધ થઈ જતા નારાજગી જોવા મળી હતી. તેમજ સ્થાનિક પબ્લિક અને આવતા જતા મુસાફરોમાં લોક ચર્ચાનો વિષય બનેલ હતો કે સંતરામપુર થી માંડીને કારંટા શરિફ સુધી આવતા જતા મુસાફરો જેવાં કે મજુરી એ જનાર મુસાફરો, નોકરિયાત જગ્યાએ જનાર મુસાફરો, ટયુશન કલાસ સ્કુલ જનાર વિદ્યાર્થીઓ મુસાફરો, દવાખાને ખાતે જનાર મુસાફરો, કારંટા શરિફ ધાર્મિક સ્થળે જનાર મુસાફરો તેમજ અન્ય કામો જનાર મુસાફરોને લાંબા સમય થી આ બસ બંધ થઈ જતા મુસાફરોને ભારે સહમત ઉઠાવી તકલીફનો વારો આવેલ છે.

જેથી સંતરામપુર એસ.ટી.ડેપો દ્વારા વહેલી તકે આયોજન કરી સંતરામપુર થી કારંટા સુધીની વ્હેલી સવારની બસ રાબેતા મુજબ અને બીજી રાતની કારંટા થી વાયા મલેકપુર, માલવણ, સંતરામપુર ચાલુ કરવામાં આવે તેવી આવતા-જતા મુસાફરોમાં માંગ ઉઠવા પામી છે.

## કડાણા ડેમની જસપાટીમાં સતત વધારો જોવા મળી રહ્યો છે



મલેકપુર,

સમગ્ર મહીસાગર જિલ્લામાં ચાલુ સાલે ખેતીલાયક વાવણી લાયક વરસાદ વરસતા જિલ્લા વાસીઓમાં અને ધરતીપુત્રોમાં ખૂબ જ મોટા પ્રમાણમાં ખુશાલી વાપી જવા પામી છે. મહીસાગર જિલ્લાના ખેડૂતો હાલમાં રોપણી અને વાવણીના કામમાં લાગી ગયા છે.

પ્રાપ્ત થતી વિગતો અનુસાર ઉપરવાસમાં વરસાદ વરસતા કડાણા ડેમની જળ સપાટીમાં સતત વધારો થઈ રહ્યો હોવાના અહેવાલો મળી રહ્યા છે. હાલમાં કડાણા ડેમની પાણીની આવકમાં એક લાખ ને વીસ હજાર ક્યુસેક પાણીની આવક થવા પામી છે.

કડાણા ડેમની ભયજનક સપાટી ૪૧૯ છે. ત્યારે હાલમાં પાણીની આવક એક લાખને વીસ હજાર ક્યુસેક પાણીની થતા કડાણા ડેમની જળ સપાટી ૩૮૯ પોઈન્ટે પહોંચવા પામી છે. જયારે ૪૨૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે.

## સંતરામપુરમાં ઠેર ઠેર રસ્તા ઉપર ખાડા અને વરસાદી પાણી ભરાયા તંત્ર દ્વારા કામગીરી નહીં સ્થાનિક લોકો મુશ્કેલી વધી


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુર નગરમાં વરસાદની જોરદાર બેટિંગ પરંતુ સંતરામપુર નગરપાલિકા દ્વારા નગરના વિવિધ રસ્તાઓ પર ખાડા પૂરવામાં નિષ્કાળજે જોવાયેલી છે. જે તસવીરમાં જોવાઈ રહી છે. સંતરામપુરની ગોધરા ભાગોળ બેંક ઓફ બરોડાની સામે રોડ ઉપર જ ખાડાઓ અને પાણી ભરાઈ રહ્યો પરંતુ નગરપાલિકા દ્વારા કોઈ કામગીરી કરાઈ નહીં આ જ રીતે નગરના દરેક વિસ્તારોમાં પરિસ્થિતિ સર્જાઈ રહેલી છે. આવી પરિસ્થિતિમાં વાહન ચાલકો મુશ્કેલી વેઠી રહેલા છે. કેટલીક વખત મોટા મોટા ખાડા હોવાના કારણે અકસ્માતો પણ સર્જાતા હોય છે. પ્રતાપપુરાના કે.એચ.મહેતા હાઈસ્કુલ ૨૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓ હાઈસ્કૂલમાં અભ્યાસ કરવામાં આવતા આવતા હોય છે, પરંતુ આ સ્થળ ઉપર જ ઢીંચણ સુધી પાણી ભરાઈ જવાના કારણે હાલાકી ભોગવી રહેલા છે, પ્રતાપપુરામાં આ સ્થળ ઉપર જ એકવાર પણ ફસાયો હતો. આવી જ રીતે નગરના અલગ અલગ વિસ્તારોમાં ખાડા પડી જવાના કારણે નાગરિકોની મુશ્કેલી વધી રહી છે, પરંતુ નગરપાલિકાની નિષ્ફળજીના કારણે આજે નાગરિકો મુશ્કેલી વધી રહી છે, પરંતુ નગરપાલિકા તરફથી કે કોઈ સરકારી તંત્ર તરફથી કામગીરી નગરમાં કરવામાં આવતી નથી. આ જ વિસ્તારમાં રાજ્ય કક્ષાના મંત્રી અને મહીસાગર જિલ્લાના પ્રમુખ પણ અહીંયા થી રહે છે, પસાર થાય છે. તેમ છતાં સસ્તાની મરામત કરવામાં જરાય રસ જોવાતો નથી. હવે કોને કરવી ફરિયાદ રજૂઆત સ્થાનિક નાગરિક મૂંઝવણમાં મુકાયા કારણ કે નગરપાલિકા કોઈનું સાંભળતી નથી. નાગરિકોના કામો થતાં જ નહીં.


સંતરામપુર તાલુકા અને નગરની સંયુક્ત પદાધિકારી બેઠક સંતરામપુર નગર ટાઉન હોલ ખાતે યોજાઈ હતી. જેમાં સરકારના મંત્રીપ્રો. કુબેરભાઈ ડિંડોર, વિધાનસભા પ્રભારી વેચાતભાઈ બારીઆ, રાવજીભાઈ પટેલ દ્વારા કાર્યકર્તાને માર્ગદર્શન થયું હતું. બેઠકમાં પદાધિકારી ગણ, ભાવનાબેન પટેલ મંડલ પ્રભારી હાજર રહ્યા હતા.

## લુણાવાડાના વિરણીયા ચોકડીથી દેવચોક સુધી રસ્તો બિસ્માર બનતા ગ્રામજનોને હાલાકી

લુણાવાડા,

મહિસાગર જિલ્લામાં હાલ સામાન્ય વરસાદ પડી રહ્યો છે માત્ર ખેતીલાયક વરસાદ થયો છે. કેટલાક તાલુકામાં તો તે પણ પડ્યો નથી. ત્યારે માત્ર નહિવત વરસાદે વિરણીયાથી દેવચોકડહી સુધીના માર્ગો પર જયાં જુઓ ત્યાં ખાડા પડી જતા સ્થાનિક ગ્રામજનો હાલાકીનો સામનો કરી રહ્યા છે. મોટા મોટા ખાડાઓને કારણે સ્થાનિકોને અકસ્માત થવાની ભિતી સેવાઈ રહી છે. માત્ર સામાન્ય વરસાદના કારણે મોટા મોટા ખાડા પડી જતાં કોન્ટ્રાકટર અને અધિકારીઓ વચ્ચે મિલીભગતની પોલ ખુલી છે. જેને લઈને સ્થાનિક પ્રજામાં આક્રોશ જોવા મળી રહ્યો છે. વરસાદના કારણે મોટા મોટા ખાડાઓ પડી જતાં બે દિવસથી અંદર ખાડાનુ વેટમીક્ષ મેટલ નંખાવીને પુર્ણ કરાવી દઈશુ તેમ સ્ટેટ આર.એન્ડ.બી. વિભાગના અધિકારી ના.કાર્યપાલક ઈજનેર એસ.વી.રાજગોરે જણાવ્યુ છે.

## મહિસાગર જીલ્લાના આદિવાસી વિસ્તારમાં ડિજીટલ સેવા માટે ડિજીટલ વાનનું લોકાર્પણ




સંતરામપુર,

મહિસાગર જિલ્લાના આદીવાસી વિસ્તારમાં ડિજિટલ સેવાઓ પહોચાડવા કોમન સર્વિસ સેન્ટર એકેડેમી દ્વારા ડિજીટલ વાનનું લોકાર્પણ રાજ્યકક્ષાના મંત્રી (ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ, વૈધાનિક અને સંસદીય બાબતો) ડો. કુબેરભાઈ ડિંડોર દ્વારા કરવામાં આવ્યું.

ડિજિટલ ઈન્ડિયા અંતર્ગત ઈન્ફોર્મેશન ટેકોલોજી અને ઈન્ટરનેટ સેવાઓનો વ્યાપ દિવસે ને દિવસે વધી રહ્યો છે. ત્યારે ભારત સરકાર દ્વારા CSC એકેડમી અંતર્ગત ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને ફાઈનાન્સિયલ ઈન્કલુસન, ડિજિટલ લિટરેસી, સ્ટેમ્પ ડયુટી, ઑનલાઇન નાણાં ભરવા ઉપાડવા, આધાર એનેબલ પેમેન્ટ સિસ્ટમ(AEPS), TELE LAW, PMGDISHA, ઇશ્રમ કાર્ડ, આયુષ્યમાં કાર્ડ વગેરે જેવા કાર્ડ પોતાના ઘર આંગણે સરળતાથી મળી રહે માટે ડિજિટલ વાન કાર્યરત કરવામાં આવી છે. આ ડિજિટલ વાન લેપટોપ, ડિજીટલ સ્ક્રીન, ઇન્ટરનેટ અને પ્રિન્ટર સહિત ઓપરેટરની સુવિધા સાથે જિલ્લાના ગામે ગામ ફરી નાગરિકોને ડિજિટલ સેવા આપશે.

## આપની આજ.......

મેષ : આજે તમે લોકોમાં પ્રિય બનશો. તમારામાં વિશેષ આકર્ષણ રહેશે. કાયમી મિલકત સંબંધિત ક્ષેત્રોમાં સારા લાભ થશે. આજે પિતાના આશીર્વાદથી સરકાર દ્વારા સન્માનિત થવાની સંભાવના છે.

વૃષભ : ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે. જો થોડા દિવસોથી શરીરમાં કોઈ સમસ્યા હોય છે તો તેમાં સુધારો થશે. બાળકો તરફથી સારા સમાચાર મળવાના સંકેત છે. ભત્રીજાનો સહયોગ મળે તેવી સંભાવના રહેશે.

મિથુન : આજે તમારા કાર્યક્ષેત્રના શત્રુઓ વધુ મજબૂત થશે. આજે તમારામાં નિર્ભયતાની ભાવના રહેશે. તમે નિર્ભયતાથી તમારા કાર્યો કરી શકશો.

કર્ક : આજે બુદ્ધિ અને જ્ઞાન વધશે. તમારા પૂરા પ્રયત્નોથી ઈચ્છા પૂર્ણ થશે. નિયમ દ્વારા તમારું સન્માન થવાની પ્રબળ સંભાવના છે. તમારું મન શાંત અને ખુશ રહેશે.

સિંહ : જો તમે વિદ્યાર્થી છો તો તમારી શૈક્ષણિક દિશા બદલાશે. શિક્ષણ પ્રત્યે તમારી રુચિ વધશે. આજે તમે નવા કાર્યો શીખવામાં સફળ થશો. આજે સંભવ છે કે તમારા પર કોઈ બાબતનો આરોપ મૂકવામાં આવશે.

કન્યા : આજે તમારે તે વાતનું પૂરું ધ્યાન રાખવું જોઈએ કે સામેની વ્યક્તિને ખરાબ ના લાગે. આજે તમારી વર્તણૂકને પણ ધ્યાનમાં રાખો. જો તમારા પૈસા ક્યાંક અટકેલા છે તો તમે આજે મેળવી શકો છો.

તુલા : આજે આવક કરતા વધુ ખર્ચ થશે. બાળક દ્વારા કરવામાં આવેલા શ્રેષ્ઠ કાર્યથી તમારું માન વધશે. તમે તમારી ધૈર્ય અને પ્રતિભાથી દુશ્મનની બાજુએ વિજય મેળવવામાં સફળ થશો.

વૃશ્ચિક : આજે તમારે કોઈ કારણ વિના નાના ભાઈ-બહેનોના અસહકારનો ભાગ બનવું પડશે. તમારા સ્વભાવ પ્રત્યે ગંભીર બનો, તમે માત્ર મહેનત કરીને જ તમારા કાર્યમાં સફળ થશો.

ધનુ : આવક વધારવાના પ્રયત્નો ૧૦૦ ટકા સફળ થશે. શ્રેષ્ઠ માર્ગ દ્વારા પ્રાપ્ત થતા ભંડોળમાં વધારો થશે. ભાગ્યની દ્રષ્ટિએ આજનો દિવસ સારો રહેશે.

મકર : આજે તમારામાં પરોપકાર અને દાનની લાગણી વધવા માંડશે. આજે તમે ધાર્મિક કાર્યક્રમોમાં વધુ સમય પસાર કરશો. આત્મવિશ્વાસના આધારે કરવામાં આવેલ પ્રયત્નો સફળ થશે.

કુંભ : આજે તમારી પોતાની સંપત્તિમાં વધારો થશે. તમને તમારા મોસાળ તરફથી પણ માન મળશે. સાસુ-સસરા તરફથી અને પત્નીના પક્ષ તરફથી સંપૂર્ણ સહયોગ મળશે.તમારા ગુરુ પ્રત્યેની ભક્તિ અને નિષ્ઠાને પૂર્ણ રાખો.

મીન : આજે પૂર્વજો પાસેથી સંપત્તિ મળવાની સંભાવના છે. આ સિવાય આજે તંત્ર-મંત્ર પ્રત્યેની રુચિ પણ વધી શકે છે. ધ્યાનમાં રાખો કે આજે કોઈને પૂછ્યા વિના સલાહ ના આપો, નહીં તો તેનાથી વિપરીત અસર તમારા પર પડી શકે છે. પુણ્યની કામગીરીમાં રાતનો સમય વિતાવશો.

## જૂનાગઢ મહાનગરમાં નરસિંહ મહેતા સરોવરનો અદ્યતન વિકાસ કરાશે

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આદ્ય કવિ નરસૈયાની ભૂમિ જૂનાગઢ મહાનગરમાં નરસિંહ મહેતા સરોવરના અદ્યતન વિકાસ માટે રૂ. ૨૮.૮૩ કરોડની સ્પેશ્યલ ગ્રાન્ટ ફાળવી છે. જૂનાગઢ શહેરની મધ્યમાં આવેલા આ નરસિંહ મહેતા સરોવરના વિકાસ કામો માટે મ્યૂનિસિપલ કોર્પોરેશન દ્વારા સમગ્ર પ્રોજેક્ટ રૂ. ૪૮.૩૨ કરોડના ખર્ચે હાથ ધરવાની દરખાસ્ત ગુજરાત મ્યૂનિસિપલ ફાયનાન્સ બોર્ડ મારફત મુખ્યમંત્રીશ્રી સમક્ષ રજુ કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ હેતુસર જૂનાગઢ મહાનગરપાલિકાને અગાઉ ફાળવેલ રૂ. ૧૯.૪૯ કરોડ ઉપરાંત આ ૨૮.૮૩ કરોડ રૂપિયા સ્પેશ્યલ ગ્રાન્ટ તરીકે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે મંજૂર કર્યા છે. જૂનાગઢના આ નરસિંહ મહેતા સરોવરના ૯.૯ હેક્ટર વિસ્તારનો કુલ રૂ. ૪૮.૩૨ના ખર્ચે બે તબક્કામાં વિકાસ કરવામાં આવશે.

જૂનાગઢ મહાનગરપાલિકાએ આ લેક ડેવલપમેન્ટ માટેનો જે માસ્ટર પ્લાન રજુ કર્યો છે તે મુજબ તળાવને ફરતે રીંગરોડ, એમ્બેકમેન્ટ, પ્રોટેકશન વોલ, પ્રોમિનાડ, વોક વે, એમ્નીટીઝ બ્લોક, પાર્કિંગ, પ્રવેશ દ્વાર, બોટીંગ ડોક, ઘાટ, ગાર્ડન, ટ્રી-પ્લાન્ટેશન, લાઈટ પોલ્સ, પક્ષીઓના આકર્ષણ અર્થે આઈલેન્ડ જેવી કામગીરીનો સમાવેશ કરવામાં આવેલો છે. તળાવના આજુબાજુના એરીયાની ગટરનું પાણી તળાવમાં ભળતુ અટકાવવા માટે ઈન્ટરસેપ્શન ડ્રેનેજ લાઈન તથા પમ્પીંગ સ્ટેશનની કામગીરી અમૃત સ્કીમ અંતર્ગત રૂ. ૧૦.૦૦ કરોડના ખર્ચે પુર્ણ કરવામાં આવી છે. નરસિંહ મહેતા સરોવરના અદ્યતન વિકાસનો આ પ્રોજેક્ટ પુર્ણ થવાથી આજુબાજુની અંદાજીત ૩૦,૦૦૦ની વસ્તીવાળા રહેણાંક વિસ્તારને ફાયદો થશે. એટલું જ નહિ, શહેરની મધ્યમાં રીંગરોડ તથા પાર્કીંગ બન્યેથી ટ્રાફીકની સમસ્યા દુર થશે તથા તળાવનું ડેવલોપમેન્ટ કાર્ય પુર્ણ થતાં શહેરીજનો તથા જૂનાગઢ આવનારા પ્રવાસીઓને વિવિધ મનોરંજક પ્રવૃત્તિઓ માટે એક નવું નજરાણું ભેટ મળશે.

# રતલામ ડીવીઝનનું મંગલ મહુડી ટ્રેનના ડબ્બા ખરી પડવાની ઘટના બાદ રેલ્વે વ્યવહાર પુનઃ શરૂ કરાયો

દાહોદ,
પશ્ચિમ રેલવેના રતલામ ડીવીઝનમાં સમાવિષ્ટ દાહોદ જિલ્લાના લીમખેડા સેક્શન અંતર્ગત આવતા મંગલ મહુડી ખાતે બે દિવસ અગાઉ મધરાત્રે બનેલી માલગાડીના ડબ્બા ખડી પડવાની ગંભીર દુર્ઘટનાના કારણે સદંતર બંધ થઈ જવા પામેલા દિલ્હી–મુંબઈ રેલમાર્ગ ને ૩૨ થી ૩૬ કલાકની યુદ્ધના ધોરણે કામગીરી કરી રેલવે તંત્રે આ રેલમાર્ગને પુનઃ ધમધમતું કરતા રેલવે તંત્ર સહીત અટવાઈ પડેલા મુસાફરોએ રાહતનો દમ લીધો છે.

લીમખેડા સેકશનમાં ધડાકાભેર ખડી પડેલા કોટાથી વડોદરા જઈ રહેલા ગુડ્સ ટ્રેનના ૨૨ જેટલાં ડબ્બાઓથી સર્જાયેલી રેલ દુર્ઘટનામાં ક્ષતિ પામેલા રેલવે ટ્રેક ઓવરહેડ ૨૫૦૦૦ મેગાવોટની ઈલેક્ટ્રિક લાઈન, વિગેરેના સમારકામમાં હાથ ધરાયેલા મેગા રેસ્ક્યુ ઓપરેશનમાં જોતરાયેલા તમામ વિભાગના ૫૦૦ કરતા પણ વધુ રેલ કર્મીઓએ વરસાદી વાતાવરણ સહીત અનેક પ્રતિકૂળતાઓ છતાં માત્ર ૩૨ કલાકમાં જ મુંબઈ–દિલ્હી રેલમાર્ગની ડાઉન લાઈનને ચાલુ કરવામાં સફળતા મેળવી હતી. ત્યારબાદ બે કલાક બાદ અપ લાઈન પણ ચાલુ કરવામાં આવી હતી. રેલવે તંત્રની સલામતીની દ્રષ્ટિએ કરાતી તમામ પ્રકારની ચકાસણી પણ આ રેલ લાઈનને ચાલુ કરતા પહેલા તજજ્ઞો દ્વારા કરવામાં આવી હતી. જોકે આ દુર્ઘટનાના પગલે ખડી પડેલા અને અન્ય કાટમાળ હજી પણ રેલવે ટ્રેકની આજુબાજુ ડમ્પ કરવામાં આવ્યો છે. જેને ધીમે ધીમે ત્યાંથી ઉપાડી લેવામાં આવનાર હોવાનું જાણમાં આવ્યું છે. બંને ટ્રેક ચાલુ થઈ જવાથી અમદાવાદ અને રતલામની અકસ્માત નિવારણની સ્પેશ્યલ ટ્રેન પરત મોકલી દેવામાં આવી છે. જ્યારે હજી પણ રેલવેનું નિરિક્ષણ યાન ઝીણી–ઝીણી બાબતોના નિરીક્ષણ માટે ઘટના સ્થળના આજુબાજુના વિસ્તારમાં ખડેપગે હોવાનું રેલવે તંત્ર દ્વારા જણાવ્યું છે. આ સમગ્ર દુર્ઘટનમાં રેલવે તંત્રને કેટલું નુકશાન થયું અને દુર્ઘટના સર્જવાનું કારણ હજુ પણ અકબંધ રખાતાં આશ્ચર્ય સાથે અને અનેક તર્કવિતર્ક વહેતા થયા છે..

## લીમખેડા મંગળમહુડી ખાતે માલગાડી ડબ્બા ખરી પડવાને રેલ્વે વ્યવહાર ખોરવાતા બસ સ્ટેશનમાં ભારે ભીડ




દાહોદ,
દાહોદ જિલ્લાના લીમખેડા નજીક મંગળમહુંડી રેલ્વે સ્ટેશન ખાતે ગતરોજ માલગાડીના ૧૬ ડબ્બાઓ પાટા ઉપરથી ઉતરી જતાં રેલ્વે લાઈન વ્યવહાર ખોરવાયો હતો. ત્યારે આ કામગીરી ગતરોજ સુધી ચાલુ રહેતાં રેલ્વેમાં મુસાફરો કરનાર લોકોની દાહોદ બસ સ્ટેશન ખાતે ભારે ભીડ જોવા મળી હતી. ઘણી ટ્રેનો રદ્દ કરવી પડે અને ઘણી ટ્રેનોને ડાઈવર્ટ કરવામાં આવતાં રેલ્વેમાં મુસાફરી કરનાર મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

લીમખેડાના મંગલમહુડી રેલ્વે સ્ટેશન પર માલગાડીના ૧૬ ડબ્બાઓ પાટા ઉપરથી ઉતરી જતાં ચકચાર મચી જવા પામી હતી. ત્યારે આ ઘટનાને પગલે સ્થળ પર રેલ્વેના ઉચ્ચ અધિકારીઓથી લઈ રેલ્વેના તમામ કર્મચારીઓ દોડી ગયાં હતાં. રેલ્વે લાઈનને ત્વરીત સમાકાજ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્યારે મોડી રાત્રી સુધી કામગીરી પુર્ણ ન થતાં અને ઘણી ટ્રેનોને ડાઈવર્ટ કરવામાં આવી હતી અને ઘણી ટ્રેનોને રદ્દ પણ કરવામાં આવી હતી. જેને પગલે મુસાફરોનો મોટી સંખ્યામાં દાહોદ બસ સ્ટેશન ખાતે ઘસારો જોવા મળ્યો હતો. મોડી રાત્રી સુધી મુસાફરોનો ભારે જમાવડો દાહોદ બસ સ્ટેશન ખાતે જોવા મળ્યો હતો. બસોમાં પણ ભારે ભીડ જોવા મળી હતી. રેલ્વેમાં કાયમી મુસાફરી કરનાર મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડચો હતો ત્યારે બીજી તરફ એસ.ટી. વિભાગ દ્વારા વધારાની બસો દોડાવવામાં આવે તેવી માગંણીઓ પણ ઉઠવા પામી હતી.

# દાહોદ કલેક્ટરની અધ્યક્ષતામાં જિલ્લા રોજગાર સલાહકાર સંકલન સમિતિની બેઠક યોજાઇ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં જિલ્લા રોજગાર સલાહકાર સંકલન સમિતિની બેઠક યોજાઇ હતી. બેઠકમાં જિલ્લામાં રોજગાર ભરતી મેળા અન્વયે કરવામાં આવેલી કામગીરીની સમીક્ષા કરાઇ હતી. કલેક્ટરએ આગામી સમયમાં મોટા પ્રમાણમાં ભરતી મેળા યોજીને વધુમાં વધુ યુવાનોને રોજગારી માટેનું સૂચન કર્યું હતું.

કલેક્ટર ડો. ગોસાવીએ યુવાનોને અનુબંધમ પોર્ટલ ઉપર કઇ રીતે ઉમેદવારી નોંધાવવી વગેરે બાબતે યુવાનોને સમજ આપવા જણાવ્યું હતું. બેઠકમાં કલેક્ટરએ આ વર્ષે યોજવામાં આવેલા રોજગાર ભરતી મેળા સહિતની કામગીરીની કલેક્ટરએ સમીક્ષા કરી હતી. આગામી ઓગષ્ટ માસમાં ભરતી મેળાઓના આયોજન કરીને ૬૦૦ થી વધુ યુવાનોને રોજગારી મળે તે લક્ષ્યાંક સાથે કામ કરવા તેમણે સૂચન કર્યું હતું.

જિલ્લા રોજગાર અધિકારી અલ્પેશ ચૌહાણે આપેલી માહિતી મુજબ જિલ્લામાં ગત ઓક્ટોબર ૨૦૨૦ થી જુન ૨૦૨૨ દરમિયાન ૯૫ જેટલા ભરતી મેળા કરાયા છે. જેમાં ૧૭૪ નોકરીદાતાઓએ ભાગ લીધો હતો અને ૨૧૩૧ યુવાનોની પસંદગી કરાઇ હતી. ગત એપ્રીલ ૨૦૨૨ થી જુન ૨૦૨૨ દરમિયાન ૧૮ ભરતી મેળામાં ૪૬૬ જેટલા યુવાનોની પસંદગી કરાઇ હતી. જુલાઇ ૨૦૨૨ માં ૮ જેટલા ભરતી મેળા યોજાયા હતા. આ ઉપરાંત રોજગાર કચેરી દ્વારા યોજાયેલા માર્ગદર્શન શિબિર, વ્યક્તિગત માર્ગદર્શન, જૂથ વાર્તાલાપ, કેરીયર કોર્નર અને સેમીનાર, સંરક્ષણ તાલીમ વર્ગની માહિતી પણ અપાઇ હતી.

# દાહોદ જીલ્લામાં બે અલગ-અલગ સ્થળેથી લગ્નની લાલચે બે સગીરાનું અપહરણ

દાહોદ,
દાહોદ જિલ્લાના બે જુદા જુદા સ્થળોએથી બે સગીરાઓને લગ્નની લાલચે યુવકો દ્વારા અપહરણ કરી લઈ નાસી જતાં જેતે પોલીસ મથકે ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

સગીરાના અપહરણનો પ્રથમ બનાવ દેવગઢ બારીઆ તાલુકાના કેલીયા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૮મી મેના રોજ ધાનપુર તાલુકાના બોગડવા ગામે ડુંગર ફળિયામાં રહેતાં જસવંતભાઈ રમેશભાઈ પટેલે દેવગઢ બારીઆ તાલુકામાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા દેવગઢ બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સગીરાના અપહરણનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના ડુંગરી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૩મી જુનના રોજ પંચમહાલ જિલ્લાના મોરવા હડફ તાલુકાના નવાગામ સુલીયાત ગામે રહેતો પ્રકાશભાઈ બળવંતભાઈ મછારે ઝાલોદ તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમખેડાના પાણીયા ગામે બોલેરો ગાડી માંથી ૨.૪૯ લાખ વિદેશી દારૂ ઝડપ્યો

દાહોદ,
દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના પાણીયા ગામેથી પોલીસે બોલેરો પીકઅપ ગાડીમાંથી વિદેશી દારૂનો કુલ રૂા. ૨,૪૯,૬૦૦ના પ્રોહી જથ્થા ગાડીની કિંમત મળી કુલ રૂા. ૪,૪૯,૬૦૦ સાથે ગાડીના ચાલકની પોલીસે અટકાયત કરી હોવાનું જાણવા મળે છે.

ગત તા.૧૮મી જુલાઈના રોજ લીમખેડા પોલીસને મળેલ બાતમીના આધારે પાણીયા ગામે હાઈવે રોડ ઉપર નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરતાં હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક બોલેરો પીકઅપ ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ગાડી નજીક આવતાંની સાથે તેને ચારેય તરફથી ઘેરી લઈ ગાડીમાં સવાર ચાલક મહેન્દ્રભાઈ નાથાભાઈ બામણીયા (રહે. માતવા, ગાળીયા ફળિયુ, તા. ગરબાડા, જિ.દાહોદ)ને પોલીસે ઝડપી પાડી ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ.૧૯૨૦ જેની કિંમત રૂા. ૨,૪૯,૬૦૦ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૪,૪૯,૬૦૦ના મુદ્દામાલ સાથે આ વિદેશી દારૂનો જથ્થો ભરી આપનાર નરેશબાઈ રમણભાઈ માવી (રહે. માતવા, તા. ગરબાડા, જિ.દાહોદ) મળી બે ઈસમો વિરૂધ્ધ લીમખેડા પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સંજેલી ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં સરપંચથી નારાજ સભ્યો ગેરહાજર રહી માનગઢ પ્રવાસે પહોંચ્યા

સંજેલી,
સંજેલી ગ્રામ પંચાયતની ચોથી સામાન્ય સભામાં સરપંચના મનસ્વી વહીવટના આક્ષેપ સાથે નારાજ સભ્યોએ સામાન્ય સભામાં જવાને બદલે માનગઢ ધામે પ્રવાસે પહોંચ્યા હતા. સભ્યો ગેરહાજર હોવાની જાણ થતાં ચારેકોર ચર્ચાનો વિષય બન્યો હતો.

સંજેલી પંચાયતના ઈતિહાસમાં પ્રથમ વખત એવો બનાવ બન્યો કે સરપંચ તલાટીએ સભ્યોની રાહ જોઈ ખાલી ખુરશીઓ સાથે સભાખંડમાં બેસી રહેવુ પડયુ હતુ. સંજેલી પંચાયતના સરપંચ મનાભાઈ ચારેલ દ્વારા ૧૫માં નાણાંપંચનુ આયોજન સહિતના કામો સરપંચ અને તલાટી ચુંટાયેલા ડે.સરપંચ સહિતના સભયોને અંધારામાં રાખી બારોબાર વહીવટ કરી અને મનસ્વી રીતે આયોજન કરી એકપણ સભ્યને વિશ્વાસમાં લીધા ન હોવાના આક્ષેપ સાથે સભ્યોએ નારાજગી વ્યકત કરી હતી.

## તાલુકા કન્યા પ્રાથમિક શાળા ગરબાડા ખાતે મોબાઈલ એપ્લિકેશન દ્વારા બાળ સંસદની ચૂંટણીનું આયોજન કરાયું


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

દાહોદ,
ગરબાડા તાલુકાની કન્યાશાળા ખાતે તારીખ ૧૯ ના બાળ સંસદની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં સામાજિક વિજ્ઞાનના ટીચર લીલાબેન કદોપરા અને ચૂંટણી કમિશનર તરીકે ગાયત્રીબેન પ્રજાપતિ દ્વારા બાલ સંસદ પેપર લેસ ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચૂંટણીની ખાસ વિશેષતા જોઈએ તો મોબાઈલ એપ્લિકેશન દ્વારા પેપર લેસ ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં કુલ ૯૦ ટકા મતદાન થયું હતુ આને કુલ ૬ વોર્ડ માંથી ૧૮ જેટલા ઉમેદવારો વિજેતા બન્યા હતા. શાળાના આચાર્ય શૈલાબેન બારીયા દ્વારા વિજેતા ઉમેદારોને પ્રેરણાત્મક માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં ભાગ ભજવનાર સૌ મિત્રોનો આભાર પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### સ્વતંત્ર ભારતના બંધારણની સ્થાપના બાદ પંચાયતી રાજ ચાલુ થતાં

# ગરબાડામાં પ્રથમ સરપંચ તરીકે ભગવાન સિંહ અનોપસિંહ પટેલ તથા પ્રથમ ડેપ્યુટી સરપંચ તરીકે નગીનદાસ પ્રેમચંદ શાહ દ્વારા કાર્યભાર સંભાળવામાં આવ્યો હતો










ગરબાડા
આઝાદી પહેલા ગરબાડા ગામ ગઢ બારા તરીકે ઓળખાતું હતું. ગઢ એટલે કિલ્લો અને બારા એટલે ૧૨ જેટલા ગામોનો વહીવટ અહીંયાથી થતો હતો. તે સમયે અંગ્રેજ શાસન દરમિયાન ભગવાનસિંહ અનોપસિંહ પટેલ ગામ પટેલ તરીકે કામ કરતા હતા. ત્યારબાદ સ્વતંત્ર ભારતના બંધારણની સ્થાપના બાદ વર્ષ ૧૯૫૦ ૫૧ માં પંચાયતી રાજ ચાલુ થયું હતું. ત્યારે ગરબાડા ગ્રામ પંચાયતના પ્રથમ સરપંચ તરીકે ભગવાનસિંહ અનોપ પટેલ તથા તેમની સાથે પ્રથમ ડેપ્યુટી સરપંચ તરીકે નગીનદાસ પ્રેમચંદ શાહ દ્વારા કાર્યભાર સંભાળવામાં આવ્યો હતો. ગ્રામ પંચાયત શાસનકાળ દરમિયાન સરપંચ તરીકે સૌથી વધુ શાસન કરનાર સરપંચ ની વાત કરીએ તો તેમાં દલસિંગભાઈ માનસસિંહ રાઠોડનું નામ આવે છે કે, જેઓએ ૫૦ વર્ષ કરતાં પણ વધુ સરપંચ તરીકે શાસન કર્યું બંધારણની સ્થાપના બાદ સરપંચો તથા ડેપ્યુટી સરપંચોની નામાવલી કંઈક આ રીતની હતી.

– ૧૯૫૦.૫૧. થી સરપંચ તરીકે ભગવાન સિંહ અનોપ સિંહ પટેલ તથા પ્રથમ ડેપ્યુટી સરપંચ તરીકે નગીનદાસ પ્રેમચંદ શાહ દ્વારા કાર્યભાર સંભાળવામાં આવ્યો હતો.

– ૧૯૫૫.૫૬. મા સરપંચ તરીકે નવલસિંહ ભગવાનભાઈ રાઠોડ તથા ડેપ્યુટી સરપંચ તરીકે માનાભાઈ ધનાભાઈ મોરી.

– ૧૯૫૯.૬૦. થી સરપંચ તરીકે ભારત સિંહ માનસિંહ રાઠોડ તથા ડેપ્યુટી સરપંચ તરીકે સેફુદ્દીન અબ્બાસ ભાઈ.

– ૧૯૬૩.૬૪. થી સરપંચ તરીકે દલસિંગભાઈ માનસિંહ ભાઈ રાઠોડ તથા ડેપ્યુટી સરપંચ તરીકે લાલજીભાઈ મીઠાભાઈ વણકર.

– ૧૯૬૫.૬૬. થી લઈને ૧૯૮૦.૮૧. સુધી સરપંચ તરીકે દલસીંગભાઈ રાઠોડ તથા તેમની સાથે ડેપ્યુટી સરપંચ તરીકે પુંજાભાઈ જવાભાઈ રાઠોડ એ શાસન કર્યું હતું.

ત્યારબાદ ૧.૧૧.૮૪. થી ૧૫.૦૭.૮૫ માં વહીવટદાર તરીકે એચ.કે. પુરાણીએ ચાર્જ સંભાળ્યો હતો. ત્યારબાદ નગર પંચાયત અમલમાં આવી ૧૯૮૫.૮૬ થી ૧૯૯૦–૯૧ સુધી ફરીવાર દલસિંગભાઈ માનસિંગભાઈ રાઠોડ સરપંચ તરીકે કેનો પદ ભાર સંભાળ્યો હતો.૧૫.૦૪.૯૪ થી વહીવટદાર બી.વી. પરમાર રહ્યા હતા અને ૧૯.૦૭.૯૫. થી ૨૦૦૬– ૨૦૦૭ સુધી ફરીવાર દલસિંગભાઈ રાઠોડ સરપંચ રહ્યા હતા અને ત્યારબાદ તેમના પુત્ર મહેન્દ્રભાઈ રાઠોડ અઢી ટર્મ સરપંચ તરીકે રહ્યા અને હાલમાં ૨૦૧૯ થી અશોકભાઈ આર. રાઠોડ સરપંચ તરીકેનું પદ સંભાળી રહ્યા છે. આમ, આઝાદી બાદ સરપંચના પદ માટેની જર્નીની વાત કરીએ તો દલસિંગભાઈ રાઠોડ એ સૌથી વધુ રાજ કર્યું હોવાનું જોવા મળી રહ્યું છે. તેટલું જ નહીં તેઓ તથા સ્વ. અજીતસિંહ રાઠોડ એ ગરબાડા તાલુકા પંચાયત અને મામલતદાર કચેરી જેવી કચેરીઓ બનાવવા માટે પોતાની જમીન પણ દાનમાં આપી ગામના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે.

(૧) ગરબાડા ના પ્રથમ સરપંચ ભગવાનસિંહ અ નોપસિંહ પટેલને કુલ ૧૧ જેટલા સંતાનો હતા. જે પૈકી પાંચ દીકરીઓ અને છ દીકરાઓ પૈકી હાલમાં લલિતભાઈ પટેલ હયાત છે. લલીતભાઈ વકીલ બાદ ધારાસભ્ય તેમજ વન મંત્રી પણ રહી ચૂકયા છે. હાલમાં તેઓ રિટાયર્ડમેન્ટની આરામદાયક લાઈફ જીવી રહ્યા છે અને તેમના સંતાનો પણ વેલ સેટ છે. જયારે અન્ય ભાઈઓના સંતાનો પણ ખેતી વ્યવસાય અને નોકરી ધંધા કરે છે અને પોતાના પરિવારના વડીલ ગરબાડાના પ્રથમ સરપંચ હોવાનો ગર્વ અનુભવે છે.

(૨) વાત કરીએ ગરબાડાના પ્રથમ ડેપ્યુટી સરપંચ નગીનદાસ પ્રેમચંદ શાહની કે જેઓ એ ધોરણ–૭ ફાઈનલ સુધી અભ્યાસ કર્યો હતો. તેઓ સ્ટેમ્પ વેન્ડરની સાથે સાથે અનાજ કરિયાણાના વેપારી પણ હતા. તેઓ જે તે સમયે હોમગાર્ડ ચીફ પણ રહી ચૂક્યા હતા. તેમજ જ્યારે રંગ અવધૂત મહારાજ ગરબાડા પધાર્યા હતા. ત્યારે તેમની સેવામાં પણ તેઓ આગળ રહ્યા હતા. જેના પુરાવા નારેશ્વશ્વર રંગ મંદિરમાં આજે પણ છે. તે સિવાય તેઓએ અનેક મંદિરોનો જીર્ણોદ્ધાર કર્યો અનેક શાળાઓની સ્થાપના પણ કરી અનેક શાળાઓમાં પ્રમુખ પણ રહ્યા ગામ અને ગામના બાળકોના ભવિષ્ય માટે તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા હતા. તેમને સંતાનમાં ત્રણ પુત્રી અને ત્રણ પુત્ર હતા. જે પૈકી ત્રણેય પુત્રોનું અવસાન થયું છે. જ્યારે પુત્રીઓ હયાત છે અને ત્રણ પુત્રો પૈકી ભરતભાઈ શાહના પુત્ર પ્રિતેશભાઈ શાહ જેઓ પાછલા ૨૦ વર્ષથી કોચિંગ ક્લાસીસ સાથે સંકળાયેલા છે.

(૩) સતત ૫૦ વર્ષ કરતાં પણ વધુ સમય સરપંચ તરીકે શાસન કરનાર દલસિંગભાઈ રાઠોડના પુત્ર મહેન્દ્રભાઈ રાઠોડ જેવો પણ અઢી ટર્મ સરપંચ રહી ચૂક્યા છે અને હાલમાં તેઓ ખેતીવાડી કરે છે. જ્યારે તેમના પુત્રો અભ્યાસ કરે છે સ્વ. દલસીંગભાઈ રાઠોડ અને સ્વ અજીતભાઈ રાઠોડ દ્વારા ગરબાડા તાલુકો અસ્તિત્વમાં આવ્યો. ત્યારે અંદાજિત ૨૦ વર્ષ પહેલા તાલુકા પંચાયત કચેરી અને મામલતદાર કચેરી બનાવવા માટે જમીનદાનમાં આપી હતી. સ્વ.અજીતભાઈ ને કુલ ચાર સંતાનો છે. બે ભાઈ અને બે બહેનો જે પૈકી મોટો પુત્ર પ્રજિત રાઠોડ ગરબાડા તાલુકા ભારતીય જનતા પાર્ટી પ્રમુખ છે. શાળાઓ પેટ્રોલ પંપ ચલાવે છે તેમજ ગુજકોમાસોલના ડિરેક્ટર પર છે. જ્યારે તેમના નાના ભાઈ રવિજીતભાઈ પેટ્રોલ પંપ સંભાળે છે.

(૪) ગઢ બારા ઉપરથી અપભ્રંશ થઈને ગરબાડા નામ પડ્યું. જેમાં ગરબાડા ભિલોઈ નવા ફળિયા ભીલવા ખારવા નવાગામ ગુંગરડી ભામા તળાઈ જેવા બાર જેટલા ફળિયાઓ ગામોનો સમાવેશ થાય છે.

## દે.બારીયા એસ.ટી.ડેપોના અંધેર વહીવટના કારણે પેસેન્જરો હેરાન થયા.. કોણ જવાબદાર....???



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,
દે.બારીયા એસ.ટી.ડેપો ગોધરા ડીવીઝનમાં વખણાયેલ ડેપો છે. વિદ્યાર્થીના પાસનું કૌભાંડ લાખોનું કોણ નથી જાણતું કે પછી જુના ટાયરો સળગાવીને ટાયરોનું કૌભાંડ આચરવામાં આવ્યું તેમજ હાલના થોડા વર્ષો પહેલા ડેપો મેનેજર લાંચમાં ડ્રાયવર પાસે રંગે હાથે છટકામાં આબાદ પકડી પાડવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓના પ ાસનો રેલોછેક ઉદેપુર સુધી લંબાયો હતો. તેનાથી કોણ વાકેફ નથી. બારીયા ડેપોના એકપણ જવાબદાર કર્મીને ડેપોની આવકમાં કેવી રીતે વધારવો તેવા પ્રયત્નો કરવા નથી. આના માટે હાલના મેનેજર જવાબદાર છે. તે તપાસનો વિષય છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તા.૧૮/૦૭/૨૦૨૨ ગોધરા જવા માટેની ત્રણ–ત્રણ બસો કેન્સલ થઈ દોઢ થી બે કલાક બાદ એક બસ ગોધરાના ડ્રેનજરો માટે મુકી તો ખરી તેનાથી અદધ વચ્ચે ડ્રેનજરોવારો થયો શું ? બારીયા ડેપોમાં સારી કંન્ડીશનવાળી બસો ઉપલબ્ધ નથી. ત્રણ બસો કેન્સલ થવા પાછળનું કારણ શું હતું. જે આવક એસ.ટી.નિગમને થવાની હતી તે આવક અંધેર વહીવટના કારણે ગુમાવી પડે છે. તેની તટસ્થ તપાસ થાય તો ઘણા વર્ગ અને વિદ્યાર્થી વર્ગ તેમના સમયે પહોંચી શકયા ન હતા.

હાલ બસો ગોધરા ના જાય તો પેસેન્જરોનો કેટલો ધસારો હશે તે સમજવા જેવું છે. ચોથી બસ જે આપી તે પણ ખામીવાળી આપી હતી. તેને પીપલોદ રોડ ઉપર બ્રેક ડાઉન પડતા બીજી બસ લાવતા પેસેન્જરોની ટીકિટો તો બનાવી ન હતી. તે ખાનગી વાહનોમાં પોત પોતાની રીતે ફાયળા જવાનું મુનાસીન સમજી જતા રહ્યા હતા. આના માટે જવાબદાર કોણ તે મોટો યક્ષ પ્રશ્ન છે. જેથી ઉપરોકત દિવસોની શીડયુલનો તપાસણી કરવી અત્યંત જરૂરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.278

## શહેરા તાલુકાના બીલીથા પ્રા.શાળાના પ્રવેશ દ્વારા

# વરસાદી પાણી ભરતા વિદ્યાર્થીઓ અભ્યાસ થી વંચિત રહ્યા





તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, શહેરા તાલુકાના બીલીથા ગામે પ્રાથમિક શાળાના પ્રવેશદ્વાર પાસે વરસાદી પાણી ભરાતા વિદ્યાર્થીઓને ૧ દિવસના અભ્યાસથી વંચિત રહેવાનો વારો આવ્યો હતો.ખેડૂતોએ વરસાદી પાણી પોતાના ખેતર તરફ વાળવા બનાવેલા પાળા ના કારણે જળભરાવ થતા વહીવટી તંત્ર દ્વારા ખેડૂતોને સમજાવી પાળા દૂર કરી પાણી નો નિકાલ કર્યો હતો.

શહેરા તાલુકામાં છેલ્લા ૧ સપ્તાહથી વરસાદી માહોલ બરાબર નો જામ્યો છે અને ખેતીલાયક વરસાદ થતા ખેડૂતો ડાંગરની રોપણીમાં જોતરાયા છે. ત્યારે શહેરા તાલુકાના બીલીથા ગામે આવેલી પ્રાથમિક શાળામાં મંગળવારના રોજ પ્રવેશદ્વાર પાસે માર્ગ પર વરસાદી પાણીનો ભરાવ થતા વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો શાળામાં જઈ શક્યા નહતા, કારણ કે પ્રાથમિક શાળાની આજુ બાજુમાં ખેતરો આવેલા છે અને તેના માલિકોએ વરસાદી પાણી એમ નેમ વહી ન જાય અને તે પોતાના ખેતરમાં આવે માટે માટીના મજબૂત પાળા બનાવી દીધા હતા. જેના પરિણામ સ્વરૂપ શાળાના પ્રવેશદ્વારના માર્ગ પર જળભરાવ થયો હતો. આથી શાળામાં પ્રવેશ થઈ શક્યો નહતો અને વિમાસણમાં મુકાયા હતા. જોકે, ગામના એક જવાબદાર નાગરિકે શહેરા તાલુકા વિકાસ અધિકારીને ટેલિફોનિક સમગ્ર વાતથી વાકેફ કરતા એની ગંભીરતાને ધ્યાને લઈ તાલુકા વિકાસ અધિકારી રણજીતસિંહ માટીએડા, માર્ગ અને મકાન વિભાગના ઈજનેર મેહુલ પટેલ, નાયબ મામલતદાર પરેશ મહેતા અન્ય સરકારી કર્મચારીઓનો કાફલો ત્યાં પહોંચી ગયો હતો અને બંને ખેતર માલિકને સમજાવટ બાદ જે.સી.બી મશીનથી બનાવેલા માટીના પાળા દૂર કરી સ્થિતિ પૂર્વવત કરવામાં આવી હતી. જોકે, ખેડૂતોની અજ્ઞાનતા કહો કે પછી અણસમજ પરંતુ તેઓના કારણે બાળકોને ૧ દિવસ અભ્યાસથી વંચિત રહેવાનો વારો આવ્યો હતો.

## ગોધરાના વીમા એજન્ટે પ્રિમીયમ ભરવા લીધેલ ચેકના દુર ઉપયોગ કરી ચેક રીર્ટનની ફરિયાદ કાર્ડ રદ કરી

ગોધરા, જેમ જેમ ચેક રીટર્નનો કાયદો કડક બની રહેલ છે. તેમ તેમ આ કાયદાનો દુરૂપયોગ કરીને ગેરકાયદેસર વ્યાજનો ધંધો કરતા વ્યાજખોરો દ્વારા ચેકમાં ખોટી રકમો ભરીને સજાની બીક બતાવીને મોટી રકમો પડાવવાના બનાવો પણ વધી રહેલ છે.

વિગતવાર મળેલી માહિતી મુજબ ફરિયાદી લાભનદાસ મોજવાણી રહેવાસી ભુરાવાવ, ગોધરાના નાઓએ આરોપી ગીતાબેન રૂપચંદ પારવાણી રહેવાસી કલાલ દરવાજા ગોધરાનાઓ સામે એવી ફરિયાદ કરી હતી કે, પોતે વીમા એજન્ટ તરીકેની કામગીરી કરે છે. ગીતાબેનને મકાન બનાવવા નાણાંની જરૂર પડતા ફરિયાદીએ તેમને રૂપિયા ૧૪,૭૬,૦૦૦/– હાથ ઉછીના પોતાના અને પોતાની પત્નીના ખાતામાંથી આપેલા અને તે રકમની પરત ચુકવણી માટે ગીતાબેને ફરિયાદીને પોતાનો આઈ ડીબીઆઈ બેન્કનો રૂપિયા ૧૪,૭૬,૦૦૦/–નો ચેક લખી આપેલ પરંતુ તે ચેક ફરિયાદીએ પોતાની બેંક મારફતે ક્લિયરિંગમાં મોકલતા બેંકે ખાતું બંધ હોવાના કારણસર ચેક પરત કરેલ. તેથી ફરિયાદીએ ગોધરા કોર્ટમાં ચેક રિટર્ન ગુનાની ફરિયાદ દાખલ કરી હતી. આ કેસમાં આરોપીએ એવો બચાવ લીધો હતો કે, તેણે ફરિયાદી પાસેથી કોઈ રકમ લીધી નથી અને ફરિયાદીને ચેક પણ લખી આપેલ નથી. ખરી હકીકત એવી છે કે આરોપી ગીતાબેનનો પુત્ર નરેશ ફરિયાદી પાસેથી તેની જ સાથે જુગાર રમવા બે લાખ રૂપિયા વ્યાજે લીધા હતા અને તે રકમ તે સમયસર પરત ન આપી શકતા ફરિયાદીએ બે લાખ પર મહીને ૩૦ ટકા વ્યાજ ગણીને બે લાખના રૂ।.૧૪,૦૦,૦૦૦ કરી નાખ્યા હતા અને તે રકમ વસુલ મેળવવા ફરિયાદીએ નરેશભાઈને મારઝુડ કરીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપીને તે રકમ વસુલ મેળવવા નરેશને તેની માતા ગીતાબેન અને તેના ભાઈના કોરા ચેકો અપાવવા કહેલ અને નરેશ ફરિયાદી વીમા એજન્ટ હોવાથી તેને ઘરે ગીતાબેન પાસે લઇ આવેલ અને કહેલ કે તારો વીમો લેવાનું છે. તો પ્રીમીયમ ભરવા માટે તારા બે ચેકો આપ તેથી ફરિયાદી પર વિશ્વાસ અને ભરોસો કરીને ગીતાબેને ફરીયાદીને પોતાના બે ચેકોમાં સહી કરીને આપેલા. તે ચેકોમાં આ વીમા એજન્ટે ખોટી વિગતો ભરીને ચેકનો દુરઉપયોગ કરીને હાલની ખોટી ફરિયાદ કરેલી છે. આ કેસ ગોધરા કોર્ટમાં ચાલી જતા કોર્ટમાં રજુ થયેલ બંને પક્ષોના પુરાવાઓ અને બચાવ પક્ષના વકીલ અશોક એ. સામતાણીની દલીલોને દયાનમાં લઈને ગોધરા અદાલતે ફરિયાદીની ફરિયાદની હકીકતો અમાન્ય રાખીને આરોપી ગીતાબેનનો બચાવ માન્ય રાખીને ફરિયાદીની ફરિયાદ રદ કરવાનો મહત્વનો ચુકાદો આપેલ છે.

### શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ ઉપક્રમે

## ગોધરાના શ્રી સ્વામિનારાયણ મંદિર, મોરડુંગરામાં શ્રી સ્વામિનારાયણબાપા ચરિત્રામૃત સાગર : સંસ્કૃત ગ્રંથની-ચાતુર્માસ કથાની પૂર્ણાહુતિ

ગોધરા, અષાઢ સુદ અગિયારસના દિવસે શરૂ થતો ચાતુર્માસ કારતક સુદ અગિયારસના રોજ પૂર્ણ થાય છે. શાસ્ત્રો અનુસાર અષાઢ સુદ અગિયારસે ભગવાન શયન કરતા હોવાથી તેને શયની અગિયારસ અથવા દેવપોઢી અગિયારસ પણ કહેવામાં આવે છે જ્યારે કારતક સુદ અગિયારસે ભગવાન જાગતા હોવાથી તેને દેવઉઠી અગિયારસ કહેવામાં આવે છે. આ ચાર મહિના દરમિયાન ભગવાન પોઢી જતા હોવાથી ખાસ કરીને કોઈ માંગલિક કાર્યો કરવામાં આવતા નથી. ચાતુર્માસમાં કર્મયોગીઓ તેમનું કૌશલ્ય વિકાસવીને, ધાર્મિક લોકો વ્રત અને પૂજાપાઠ કરી જ્યારે યોગીઓ સાધના કરીને પોતાના જીવનને ઉન્નતિ અને કલ્યાણના માર્ગે દોરી જાય છે.



જો પ્રકૃતિ સાથે ચાતુર્માસને સાંકળવામાં આવે તો આ સમયમાં વર્ષાઋતુ આવતી હોવાથી નિસર્ગના ખોળે ધરતી સોળે કળાએ ખીલી ઉઠે છે. આ ચાર મહિના દરમિયાન મનોરમ્ય માહોલ અને પ્રફુલ્લિત ચિત્ત સાથે શાંત વાતાવરણમાં ઈશ્વરની આરાધાના કરવાનું ખાસ કહેવામાં આવ્યું છે. કોઈ માંગલિક કાર્યો ન કરવાના હોવાથી કોઈપણ વ્યક્તિ બાહ્ય જવાબદારીઓથી મુક્ત થઈને ઈશ્વરમાં એકચિત્ત થઈ શકે છે.

શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ શ્રી મુકતજીવન સ્વામીબાપા વિરચિત દેવભાષા–સંસ્કૃતમાં ‘‘શ્રી સ્વામિનારાયણબાપા ચરિત્રામૃત સાગર‘‘ પંચ દિનાત્મક ચાતુર્માસ કથા–સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં અનેકવિધ દિવ્ય ચરિત્રોનું રસપાન શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની આજ્ઞાથી સંતશિરોમણિ શ્રી ગુરૂપ્રિયદાસજી સ્વામીએ કરાવ્યું હતું. પંચમહાલના મહંતશ્રી યોગપ્રિયદાસજી સ્વામી, શ્રી ધર્મતનયદાસજી સ્વામી, શ્રી જ્ઞાનસાગરદાસજી સ્વામી, શ્રી નિર્દોષસ્વરૂપદાસજી સ્વામી વગેરે પૂજનીય સંતોની ઉપસ્થિતિમાં આ ચાતુર્માસ કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. ચાતુર્માસ કથાની પૂર્ણાહુતિ આજરોજ સવારે કરવામાં આવી હતી. જેમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત હરિભક્તોએ કથામૃતનું રસપાન કર્યું હતું.

## ઘોઘંબા દૂધ મંડળીના ચેરમેન અને વાઈસ ચેરમેનની બિનહરીફ વરણી કરાઈ





તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, ઘોઘંબા નગરમાં આવેલ ઘોઘંબા દૂધ ઉત્પાદક મંડળીની ચેરમેન તથા વાઈટ ચેરમેનની વરણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં ચેરમેન તરીકે મહેન્દ્રસિંહ મોતીસિંહ પરમાર (ગગાભાઈ) વાઇસ ચેરમેન તરીકે રાજેન્દ્રસિંહ ગોહિલની બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

ઘોઘંબા દૂધ મંડળીની મળેલી બેઠકમાં સર્વાનુંમતે આ નિર્ણય લેવાયો હતો. જેમાં ચેરમેન તરીકે મંડળીના સભ્યોએ મહેન્દ્રસિંહ મોતીસિંહ પરમાર ઉપર પસંદગીઉતારી હતી. જયારે વાઇસ ચેરમેન તરીકે રાજેન્દ્રસિંહ ગોહીલની બિનહરીફ વરણી કરવામાં આવી હતી. બન્ને ચેરમેનને મંડળીના સભ્યો વધાવી લઈ મો મીઠું કરાવી અભિનંદન પાઠવ્યા હતા.

## રતનપુર(કાં)શાળામાં મોબાઈલ એપની મદદથી બાળ સંસદની ચૂંટણી યોજાઈ



કાંકણપુર, રતનપુર(કાં)પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ના બાળકો દ્વારા તા.૧૮–૦૭–૨૦૨૨ના રોજ બાળ સંસદનું આયોજન કરવામાં આવ્યું. લોકશાહી ચૂંટણી પ્રચાર પ્રસાર કેવી રીતે થાય છે. તેનું મહત્વ અને માર્ગદર્શન હેઠળ સમગ્ર ચૂંટણી પ્રક્રિયાનું એન્ડ્રોઇડ મોબાઈલની મદદથી બાળ સંસદની ચૂંટણી સંચાલન શાળાના બાળકો દ્વારા કરવામાં આવ્યું. સ્ટુડન્ટ પોલીસ કેડેટના બાળકોએ શાંતિ પૂર્ણ વાતાવરણમાં મતદાન થાય તે માટે કાયદો અને મેનેજમેન્ટ સંભાળી હતી. સમગ્ર કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાને શાળાના આચાર્યભરતભાઈ. દેખરેખ હેઠળ સુનિલભાઈ દરજી, ગોકળભાઈ પરમાર, વૈશાલીબેન કર્યું હતું. ચૂંટણી પ્રક્રિયાને ૮ ઉમેદવારની હરીફાઈમાં પરિણામ અંતે પ્રમુખ તરીકે વાઘેલા મૈત્રીબેન અને ઉપપ્રમુખ ભરવાડ કાનાભાઈના વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. બાળકોએ પહેલીવાર EVM મશીન દ્વારા વોટિંગ કરવામાં આવ્યું. બન્ને ઉમેદવારોને શાળા પરિવાર તરફથી હાર્દીક અભિનંદન સાથે ધન્યવાદ પાઠવ્યા હતા.

## હાલોલના શિવરાજ પાસે ભારે વરસાદને લઈ વૃક્ષ ધરાશાયી થતાં કારને નુકશાન કલાકો સુધી વાહન વ્યવહાર ખોરવાયો



હાલોલ, શિવરાજપૂર નજીક આવેલ જીએમડીસી પાસે આજે સાંજે ભારે વરસાદ બાદ એક મહાકાય વૃક્ષ ધરાશાયી થતા હાલોલ થી બોડેલી તરફ જતા–આવતાં નાનાં મોટા તમામ વાહનોની યતાયાત બંધ થતાં અનેક વાહન ચાલકો કલાકો સુધી રોડ ઉપર ફસાયા હતા. વાહનોની લાંબી કતારો લાગી જતા શિવરાજપૂરના આગેવાનો, યુવાનો, એમજીવીસીએલના કર્મીઓ સહિત અનેક લોકો વૃક્ષ હટાવવાના કામે જોતારાયા હતા. કલાકોની પછી પણ વાહન–વ્યવહાર ચાલુ ન થતા બાજુમાં આવેલી જીએમડીસીના મેનેજરે જીએમડીસીના બે ગેટ ખોલીને વાહન–વ્યવહાર જીએમડીસીની અંદરથી શરૂ કરાવતા કલાક જેટલા સમય સુધી માર્ગ ઉપર અટવાયેલા વાહન ચાલકોએ જીએમડીસીના મેનેજરનો આભાર માન્યો હતો.

વૃક્ષ ધરાશાયી થતા ત્યાંથી પસાર થઈ રહેલી એક કાર રોડ ઉપર પડેલાં વૃક્ષ સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. સદનસીબે કોઈ જાનહાની થઈ ન હતી, પરંતુ કારને નુકશાન થયું હોવાની વિગતો જાણવા મળી છે.

## પંચમહાલ જીલ્લામાં ત્રણ દિવસના વિરામ બાદ મોડી રાત્રી ધીમીધારે વરસાદ શરૂ થયો



ગોધરા, પંચમહાલ જીલ્લામાં ત્રણ દિવસની બ્રેક બાદ મોડી રાત્રી થી વરસાદ ફરીથી શરૂ થયો ધીમીધારે વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

પંચમહાલ જીલ્લાના તમામ તાલુકામાં ગતરાત્રીથી મેઘરાજાએ રીએન્ટ્રી કરી છે. જીલ્લામાં સાર્વત્રિક વરસાદ થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. તમામ તાલુકાઓમાં અંદાજીત ૧ થી ૨ ઇંચ વરસાદ નોંધાયો છે. સાથે આગામી ૨૨ જુલાઈના રોજ ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ત્યારે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ ભારે વરસાદ થતાં ઉભી થનાર સ્થિતીને પહોંચી વળવા માટે સજ્જ બન્યું છે.

**પંચમહાલ જીલ્લામાં નોંધાયેલ વરસાદના આંકડા...**

ગોધરા - ૩૩ મી.મી.
હાલોલ - ૨૬ મી.મી.
કાલોલ - ૨૬ મી.મી.
શહેરા - ૧૫ મી.મી.
મોરવા(હ) - ૦૬ મી.મી.
ઘોઘંબા - ૧૭ મી.મી.
જાંબુઘોડા - ૧૭ મી.મી.

## ગોધરા ઈદગાહ મહોલ્લામાં બે ઈસમોને ચોરીની બાઈક સાથે ઝડપ્યા

ગોધરા, ગોધરાના ગોન્દ્રાના ઈદગાહ મહોલ્લામાં પોલીસે બાતમીના આધારે તપાસ કરતા ચોરીની બાઈક સાથે બે ઝડપાયા હતા. બંનેની તપાસમાં આ બાઈક ગોધરાના વ્હોરવાડમાંથી ચોરી કરી હોવાની તેઓએ કબુલાત કરી હતી.

ગોધરા વ્હોરવાડ વિસ્તારમાં પાર્ક કરેલ બાઈકની ચોરી ગોન્દ્રાના ઈદગાહ મહોલ્લામાં રહેતા રીઝવાન હુસેન શેખ તથા કિશોરે ભેગા મળીને રૂ.૨૦,૦૦૦ની બાઈકની ચોરી કરી હોવાની બાતમી મળી હતી. જેની નંબર પ્લેટ કાઢી નાંખી છે અને આ બાઈક લઈને ગોન્દ્રા તરફ આવવાના છે. તેવી બાતમીના આધારે પો.સ.ઈ.આઈ.એ.સીસોદીયા તથા સ્ટાફના માણસોએ ગોન્દ્રા વ્હોરવાડ ત્રણ રસ્તા પાસે નાકાબંધી કરી હતી. તે દરમિયાન ચોરીની બાઈક સાથે આવતા બંને ઈસમો નજરે પડતા તેઓને પકડી પાડ્યા હતા. પોલીસે ઈ–ગુજકોપમાં માલિક તરીકે છીપા મહંમદ ઐયુબ ઈસ્માઈલ જણાઈ આવ્યુ હતુ. અને પકડાયેલ બંને ઈસમોએ વ્હોરવાડ વિસ્તારમાં બાઈક ચોરી હોવાનુ કબુલ્યુ હતુ.

## ગોધરાની ઈકબાલ ગર્લ્સ હાઈસ્કૂલના આચાર્યા ડો.સાયરાબાનું દુરવેશને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા સન્માનિત કરાયાં




ગોધરા, જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા ગત રોજ શાળા વિકાસ સંકુલ મીટીંગ અને ઋણસ્વીકાર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ.પંચાલ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત શિક્ષણ ક્ષેત્રે વિશેષ યોગદાન આપનાર અને શિક્ષણ ક્ષેત્રે મદદરૂપ થનાર ૭૫ વ્યક્તિઓને ઋણ સ્વીકાર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધ પંચમહાલ મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઈકબાલ ગર્લ્સ હાઈસ્કૂલના આચાર્યા ડો.સાયરાબાનું દુરવેશનું શિક્ષણ ક્ષેત્રે મહત્વ નું યોગદાન રહ્યું છે અને તેઓએ સંસ્થા, શાળા સહીત જિલ્લા શિક્ષણ ક્ષેત્રે અલગ અલગ પ્રકારે યોગદાન આપ્યું છે. આ યોગદાનને લઈ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તેઓને પુષ્પગુચ્છ, સાલ, પુસ્તક અને ઋણસ્વીકાર પ્રમાણપત્ર આપીને સન્માનિત કરાતાં શાળા પરિવાર સહિત સંસ્થા તેમજ અન્ય લોકોએ શાળાના આચાર્યા ડો.સાયરાબાનું દુરવેશને શુભેચ્છાઓ પાઠવી હતી.

## જાંબુઘોડામાં હેલ્પરની સમય સુચકતા સાથે ફ્યુઝ કાઢી લેતા બાઈક ચાલકનો જીવ બચ્યો

હાલોલ, જાંબુઘોડાના ખાખરીયા ગામે બ્રિજ તુટી જતા હાલોલ–રાજપીપળા રોડને જાંબુઘોડા ગામમાં થઈ ઉચાપણ અને ત્યાંથી શિહોદ ચોકડી ડાયવર્ટ કરાતા ભારદાર વાહનોની જાંબુઘોડા ગામમાંથી અવર જવર શરૂ થઈ છે. ત્યારે જાંબુઘોડાના કુંભારવાળા વિસ્તારમાંથી એક મોટુ કન્ટેઈનર પસાર થઈ રહ્યુ હતુ. તે સમયે કન્ટેનરમાં જીવતા વીજ વાયરનો એલ.ટી.થાંભલો કન્ટેનર અડી જતા નમી પડ્યો હતો. અને તે જ સમયે નજીકમાં જ જાંબુઘોડા એમજીવીસીએલમાં હેલ્પર તરીકેની ફરજ બજાવત વી.ડી.રાઠવા ઘરે નજીકમાં હોવાથી તેમણે ડી.પી.ઉપર ડોટ મુકીને ફ્યુઝ કાઢી નાંખ્યા બાદ થાંભલો પડ્યો હતો. તે જ સમયે પસાર થતાં બે મોટરસાયકલ ચાલકો પર વીજ થાંભલો પડ્યો હતો પરંતુ હેલ્પરે સમયસુચકતા વાપરી વીજ પુરવઠાનો ફ્યુઝ કાઢી નાંખીને વીજપ્રવાહ બંધ કરતા કોઈ જાનહાનિ થઈ હોય તેમ લાગતા કન્ટેનર ચાલક ભાગીને પોલીસ મથકે પહોંચી ગયો હતો.

## કાલોલ ઉતરેડિયાના GRD કર્મીનું દેલોલ બસ સ્ટેન્ડ પાસે કારની અકસ્માતે મોત

કાલોલ, કાલોલમાં નોકરી પરથી છુટીને ઘરે જતા ઉતરેડિયાના જી.આર.ડી.કર્મચારીનુ હાલોલ હાઈવે સ્થિત કાર અડફેટે મોત નીપજયું છે. કાલોલ તાલુકાના ઉતરેડિયા ગામના વતની એવા યોગેન્દ્રસિંહ નાનસિંહ લકુમ પાછલા ઘણા સમયથી કાલોલ પોલીસ સ્ટેશન ખાતે જી.આર.ડી.કર્મચારી તરીકે ફરજ બજાવતા હતા જેઓ પોતાની ફરજ પુરી કરીને પોતાના ઘરે ઉતરેડિયા જવા નીકળ્યા હતા ત્યારે કાલોલ–વેજલપુર પર આવેલા દેલોલ બસ સ્ટેન્ડ પાસે ચાલીને હાઈવે ક્રોસ કરતા સમયે અચાનક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી આવેલા કોઈ અજાણ્યા કાર ચાલકે તેમને ટકકર મારી દેતા રોડ પર ફંગોળાયેલા યોગેન્દ્રસિંહભાઈ લકુમને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેઓને હોસ્પિટલ માટે ખસેડવામાં આવતા રસ્તામાં જ તેમનુ મોત નીપજયું હતુ. આ અકસ્માત સંદર્ભે કાલોલ પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી છે.